CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૩૨
તા.૨૮-૦૯-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૦૮
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૨ સૂર્યાસ્ત : ૦૬:૩૦

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૬.૨ | વડોદરા | ૩૪.૬ |
| અમદાવાદ | ૩૫.૮ | સુરત | ૩૪.૦ |
| ગાંધીનગર | ૩૫.૦ | નલિયા | ૩૨.૨ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# કોંગ્રેસની સરકાર બનશે તો, દસ દિ'માં ખેડૂતોના દેવા માફ

## ભાજપનો વિકાસ હવે ગાંડો થઈ ગયો લાગે છે, નોટબંધી-જીએસટીના કારણે દેશના લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે : રાહુલ

અમદાવાદ

સૌરાષ્ટ્ર ઝોનના ત્રીજા દિવસના ચૂંટણીપ્રચાર દરમ્યાન રાહુલ ગાંધીએ ગુજરાતના ખેડૂતોને જાહેરમાં ખાતરી પૂર્વકનું આશ્વાસન આપ્યું હતું કે, જો આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો, કોંગ્રેસ રાજયભરના તમામ ખેડૂતોના દેવા માફ કરશે. કોંગ્રેસની દેશમાં જયાં જયાં સરકાર છે તે રાજયોમાં કોંગ્રેસે ખેડૂતોના દેવા માફ કર્યા છે અને ગુજરાતમાં પણ દસ જ દિવસમાં તમામ ખેડૂતોના દેવા કોંગ્રેસ માફ કરશે. રાહુલની આ જાહેરાતને ખેડૂતોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યો હતો. રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર નોટબંધી અને જીએસટીના મુદ્દે મોદી સરકાર અને ભાજપ પર જોરદાર આકરા પ્રહારો કર્યા હતા. નોટબંધી મુદ્દે રાહુલે જણાવ્યું કે, નોટબંધીના નિર્ણયના કારણે દેશવાસીઓને ભયંકર નુકસાન થયું છે. મોદીજીએ મનસ્વી રીતે રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટો અચાનક બંધ કરી દઈ દેશના અર્થતંત્રને તોડી નાંખ્યું હતું. ભાજપના ફુગ્ગામાંથી હવા નીકળી ગઈ છે. ભાજપ સરકારે જૂઠું બોલવામાં તમામ મર્યાદાઓ ઓળંગી દીધી છે અને તેથી ભાજપનો વિકાસ ગાંડો થઈ ગયો છે. મોદી અને ભાજપ સરકાર ખેડૂતોને ભૂલી ગયા છે, મોદીએ જનધન ખાતામાં રૂ.૧૫-૧૫ લાખ જમા કરાવવાની વાત કરી હતી, તે હજુ પૂરી થઈ નથી. મેક ઈન ઈન્ડિયાનું કામ ખરેખર ખેડૂતોએ કર્યું છે. મોદી સરકાર તેમના માનીતા ૧૫ ઉદ્યોગપતિઓને જ મદદ કરે છે, ખેડૂતોના પ્રશ્નો મોદી સરકારને સંભળાતા નથી પરંતુ કોંગ્રેસ ખેડૂતોને સાંભળશે.

## રાજય સરકારની સરહદી વિસ્તારને દિવાળીની અનોખી ભેટ

### ભાભર ખાતે મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલનું આવતી કાલે આરોગ્ય મંત્રીના વરદહસ્તે ખાતમુહૂર્ત



ડીસા

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારના ભાભર, વાવ, સુઈગામ તાલુકાઓ માટે 'મોંસાળે વિવાહ' અને 'મા પીરસણે' જેવો ઘાટ ઘડાયો છે. વાવ વિસ્તારના ધારાસભ્ય અને રાજયના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી દ્વારા જિલ્લાની આ સરહદી વિસ્તારની પ્રજા માટે કોઈ મોટા શહેરમાં મળે તેવી આરોગ્ય વિષય ફોટો સેવાઓ સરકાર તરફથી આપવાના નિર્ણય થતાં ભાભર ખાતે ૧૬ કરોડ ૮ લાખના ખર્ચે સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ (મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ) નું ખાતમુહૂર્ત આવતી કાલે તા.૨૯/૯/૨૦૧૭ ના રોજ સવારે ૧૦:૦૦ વાગે રાજયના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે યોજાશે. જેમાં મુખ્ય મહેમાનપદે રાજયમંત્રી કેશાજી ચૌહાણ અને અતિથી વિશેષપદે ધારાસભ્ય પરબતભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે અને બનાસડેરીના વા.ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે.

સબડિસ્ટ્રીકટ હોસ્પિટલ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર આ હોસ્પિટલમાં સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત, ઓથોપેડીક સર્જન, જનરલ સર્જન, એનેસ્થેટીકસ, દાંતના સર્જન, આંખના સર્જન, ફિજીશ્યન અને

અનુસંધાન પાના નં.૬

## મ્યાનમાર સરહદ ઉપર બંડખોરો સામે ઓપરેશન : અડ્ડાઓ ફૂંકાયા

### ભારતીય સેનાના દિલધડક ઓપરેશનમાં અનેક બંડખોરો મોતને ઘાટ

નવી દિલ્હી

ભારતીય સેનાએ મ્યાનમાર સરહદ ઉપર બળવાખોરોની સામે ફરી એકવાર મોટુ ઓપરેશન હાથ ધર્યું છે અને નાગા બંડખોરોના અનેક અડ્ડાઓને ફૂંકી માર્યા છે. મ્યાનમાર સરહદ ઉપર કરવામાં આવેલી આ કાર્યવાહીથી બળવાખોરો હચમચી ઉઠ્યા છે. મ્યાનમાર સરહદ ઉપર ભારતીય સેનાએ બીજી વખત કાર્યવાહી કરી છે. નાગા બંડખોરોને અભૂતપૂર્વ નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. સવારે પોણા પાંચ વાગ્યાની આસપાસ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડના બંડખોરોને ભારે નુકસાન થતાં તેમની કમર તુટી ગઈ છે. શરૂઆતી માહિતીમાં આને સર્જિકલ સ્ટ્રાઈક તરીકે ગણાવવામાં આવી હતી પરંતુ સેનાએ મોડેથી કહ્યું હતું કે, જવાનોએ સરહદ પાર કર્યા વગર આ ઓપરેશનને અંજામ આપ્યું છે. મ્યાનમાર સરહદ ઉપર લાંગખુ ગામની આસપાસ ભારે ગોળીબાર કરાયો હતો જેમાં અનેક બલવાખોરોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. આમા કેટલા બંડખોરો માર્યા ગયા છે તે અંગે હજુ સુધી માહિતી મળી શકી નથી પરંતુ તેમના તમામ અડ્ડાઓને ફૂંકી મારવામાં આવ્યા છે. ભારતીય સેનાના ઈસ્ટર્ન કમાન્ડના અધિકારીઓએ વિગત આપતા કહ્યું છે કે, સેનાને કોઈ નુકસાન થયું નથી.

## ચૂંટણી ટાણે જ કોંગ્રેસમાં રાજકીય ઘમાસણ

### સંગઠનનું નાક દબાવતા શહેર કોંગ્રેસ પ્રમુખ

પાલનપુર

વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા કોંગ્રેસમાં તો ચૂંટણી પૂર્વે જ રાજકીય ઘમાસણ શરૂ થઈ ગયું છે. પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ ની હકાલપટ્ટી કરાયા બાદ તેઓએ પાર્ટીનું નાક દબાવવા કરેલા ત્રાગા થી કોંગ્રેસની ઈમેજને ધક્કો પહોંચ્યો હોવાની લાગણી વ્યક્ત કરતા કોંગી કાર્યકરોમાં આ પ્રકરણને લઈને નારાજગી જોવા મળી રહી છે.

તાજેતરમાં પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખની હકાલપટ્ટી કરાયા બાદે તેઓને પુનઃ સ્થાપિત કરવાની ફરજ પડતા આ વિવાદ શમવાનો નામ લેતો નથી. પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખપદેથી જુના પ્રમુખને હટાવી એડવોકેટ સુરેશચંદ્ર પટેલને મુકવામાં આવ્યા હતા. જોકે, આ પ્રમુખની હકાલપટ્ટીને પગલે શહેર સંગઠનના ૨૬ જેટલા હોદ્દેદારોએ રાજીનામાં ધરી દઈ પક્ષના નિર્ણય સામે ખુલ્લો બળવો પોકારી પક્ષનું નાક દબાવવાનો કરેલો પ્રયાસ કોંગી કાર્યકરોમા ચર્ચાસ્પદ બન્યો છે.

શહેર કોંગ્રેસ પ્રમુખપદેથી જુના પ્રમુખની કરાયેલી હકાલપટ્ટી પાછળ જિલ્લા પ્રમુખ ઝાકિર ચૌહાણ અને પાલન પુરના ધારાસભ્ય મહેશ પટેલનો દોરી સંચાર હોવાના ખુલ્લા આક્ષેપો થયા હતા. જોકે, આણી મંડળીના વિરોધની પરવા કર્યા વિના નવનિયુક્ત પ્રમુખ સુરેશ પટેલને સત્કારી તેઓને ચાર્જ પણ સોંપી દેવાયો હતો. દરમિયાન, વધુ એક નાટકીય ઘટનાક્રમમાં પ્રદેશ કોંગ્રેસે ફરી એકવાર શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશ પટેલની નિયુક્તિને હાલ પૂરતી સ્થગિત કરી હતી. આમ, શહેર કોંગ્રેસ પ્રમુખનો વિવાદ ચૂંટણી ટાણે જ ઉછળતા કોંગ્રેસની પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચ્યુ હોવાનું કોંગીના કર્મઠ કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યું છે.

### પ્રદેશ કોંગ્રેસનો આદેશ શિરોમાન્ય

પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખની હકાલપટ્ટી વિવાદમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકિર ચૌહાણે જણાવ્યું હતું કે, પ્રદેશે પ્રમુખને જિલ્લામાં મુક્યા હતા. પરંતુ તેઓને નહી રહેવું હોય એટલે પુનઃ શહેરમાં મુકાયા હશે. જ્યારે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલે પણ પ્રદેશ કોંગ્રેસના નિર્ણયને શિરોમાન્ય ગણાવતા વધુ કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

## ડીસા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં મૃત પશુ સહાય બાબતે હોબાળો

### ડીસા તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં આવેલ પૂર હોનારતમાં મૃત્યુ પામેલા પશુઓની હજુ સુધી સરકાર દ્વારા કોઈપણ સહાય ન મળતા ડીસા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં શાસક અને વિપક્ષ એમ બંને પક્ષના સભ્યોએ અધિકારીઓ પર પ્રસ્તાળ પાડી હતી. પશુચિકિત્સા અધિકારી દ્વારા ડીસામાં મૃત પશુઓ ઓળખાતા ન હોવાનું સર્ટી. આપતા અનેક લોકો સહાયથી વંચિત રહી ગયા હોવાનો આક્ષેપ સભ્યોએ કર્યો છે.

ડીસા તાલુકા પંચાયતની સામાન્ય સભા બુધવારે બપોરે તાલુકા પંચાયતના સભાગૃહમાં યોજાઈ હતી જોકે સામાન્ય સભામાં એજન્ડા માં માત્ર ગત સભાની બહાલી તેમજ પ્રશ્નોત્તરી અને પ્રમુખ દ્વારા રજૂ થાય તે બાબત સિવાય અન્ય કોઈ એજન્ડા ન હતો. સભામાં તા.પં. પ્રમુખ ડાહીબેન વાઘેલા, ટીડીઓ સી.એમ.દરજી, જી.પં. સદસ્ય માનસિંહ વાઘેલા સહિત સભ્યો ઉપસ્થિત રહયા હતા. પ્રશ્નોત્તરી કાળ મા સભ્યોએ તાલુકાનાં પ્રાથમિક શાળા ના પ્રશ્નો ઉઠાવ્યા હતા. વિપક્ષીનેતા રમેશસિંહ વાઘેલા અને મુકેશ સોલંકીએ અનેક શાળાઓમાં પીવાના પાણીનો તેમજ સૌચાલયોની પાણીનો પ્રશ્ન હોઈ તેમજ અનેક શાળાઓ આંગણવાડીમાં હજુ સુધી પાણીની ટાંકી ન હોય

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠા જીલ્લા પુરવઠા અધિકારી સહિત ચાર ડેપ્યુટી કલેકટરોની બદલી

ડીસા

રાજ્ય સરકાર દ્વારા વિવિધ જીલ્લાઓમાં ડેપ્યુટી કલેકટર કક્ષાના અધિકારીઓની બદલી કરી છે. જેમાં બનાસકાંઠા જીલ્લામાં ચાર ડેપ્યુટી કલેકટરોની બદલી કરાઈ છે. જેમાં જીલ્લા પુરવઠા અધિકારી તરીકે એસ.જે.ચાવડાને મુકવામાં આવ્યા છે. જયારે સુઈગામના પ્રાંત અધિકારી તરીકે કે.પી. પાટીદાર, ધાનેરાના પ્રાંત અધિકારી તરીકે એસ.બી.પટેલને મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત પાલનપુરના પ્રાંત અધિકારી તરીકે આર.કે. પટેલની જામનગર ગ્રામ્ય ખાતે પ્રાંત અધિકારી તરીકે બદલી કરાઈ છે.

### નવરાત્રિના રંગમાં ભંગ : સામસામી ફરીયાદ દાખલ

## ભાભરમાં રૂપિયાની ઉઘરાણી મુદ્દે જુથ અથડામણ

### નગરસેવિકા અને શહેર યુવા ભાજપ પ્રમુખની સંડોવણી



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ ભાભર

ભાભરમાં નવરાત્રિના ગરબાની રમઝટ વચ્ચે બે પાડોશી વચ્ચે રૂપિયાની ઉઘરાણી મુદ્દે મારા - મારી થતા જૂથ અથડામણ થઈ હતી. જેમાં ભાજપ યુવા શહેર પ્રમુખ પણ ઘવાયા હતા. જેથી નવરાત્રિના રંગમાં ભંગ પડ્યો હતો આ મામલે સામ સામી સાત વિરૂધ્ધ ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જાણવા મળતી વિગતો મુજબ પોલીસ મથકે ફરીયાદી વિજય પ્રભુલાલ ઠાકરની હકિકત એવી હતી કે તા.૨૬/૯/૧૭ ની રાત્રે તેમના મોટાભાઈ કલ્પેશભાઈ ઠક્કરે આરોપી રોનક ભગવાનભાઈ ઠક્કર પાસે પૈસાની ઉઘરાણી કરતા એકદમ ઉશ્કેરાઈ જઈને તેના ભાઈ વિશાલ ભગવાનભાઈ તથા ભગવાનભાઈ દયાલભાઈ અને હાર્દિક ભગવાનભાઈને બોલાવી લાવીને કલ્પેશભાઈ ઠક્કરને લોખંડની પાઈપો, ધોકા, લાકડી વડે માર માનરીને સોનાની ૪૦ ગ્રામની ચેન લૂંટી લીધી હતી. તેવી ફરીયાદ આધારે ભાભર પોલીસ ચારેય ઈસમો સામે આઈપીસી કલમ ૩૯૪, ૩૨૩, ૪૨૭, ૧૧૪, ૫૦૬ (૨) જી.પી.કલમ ૧૩ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે સામે પક્ષે ફરીયાદી પાયલબેન રોનકભાઈ ઠક્કરે પોલીસ મથકે ફરીયાદ હકિકત લખાવી છે કે આરોપીઓ કલ્પેશ પ્રભુલાલ ઠક્કર, પ્રિતિબેન કલ્પેશભાઈ ઠક્કર અને વિજય પ્રભુલાલ ઠક્કરે પૈસાની લેતી દેતી બાબતે આરોપીઓએ ફરીયાદીને ભુંડી ગાળો બોલી ગડદા - પાટુનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બાબતે પોલીસ મથકે ત્રણ વ્યક્તિઓ સામે આઈપીસી કલમ ૩૨૩, ૨૯૪, ખ ૫૦૬ (૨) ૧૧૪ મુજબ ફરીયાદ નોંધીને પોલીસે તપાસ હાથ ધરી છે. અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### મોગરો

બીકોમ, બીએ, એમકોમ, વકીલ, એન્જિનીયર, સીએ, ડોકટરો બનેલા માણસો પોતાની જાતને શિક્ષિત માનતા હોય છે. સ્વયંને વિદ્વાન તરીકે જાહેર કરતા હોય છે.

પણ આવો શિક્ષિત કે ભણેલો માણસ પોતે જો પોતાની જાત પર અંકુશ ન રાખી શકતો હોય, જીભ કંટ્રોલમાં ન કરી શકતો હોય તો એણે ભણેલું શા કામનું? એની વિદ્યાની કિંમત શું? એના જ્ઞાનની મહત્તા કેમ જળવાય?

તમે શિક્ષિત છો? એ જાણવા માટે એક 'શશીન્' નામનાં ચિંતકે કેટલીક વાતો જણાવી છે. જે અક્ષરશઃ નીચે આપેલી છે. તે વાતોથી તમે તમારી જાતને જાતે તપાસી જુઓ કે તમે શિક્ષિત છો?

મને સાંભળવું ગમે છે કે બીજાને સંભળાવી દેવાનું?

મારી જીભને અવસર અનુસાર હું લગામમાં રાખી શકું છું ખરો?

કોઈકની નાનકડી પણ ભૂલ દેખાય તો હું એના પર વરસી પડું છું કે એને બચાવની તક આપું છું?

મને અંદરથી ખબર હોય કે હું ખોટો છું, મારી માન્યતા ખોટી છે, તેમ છતાં ભૂલનો એકરાર કરવાને બદલે સતત દલીલો કરી મારો કક્કો ખરો કરવાની કોશિશ કરૂં છું?

કોઈક મારી ભૂલ દેખાડે તો હું તેના અપમાન, ક્રોધ કે ઉપેક્ષાનો ભોગ બનાવી મારા અહંને સંતોષુ છું ખરો?

મારો બોસ, વડીલ કે વૃદ્ધજન મને અણગમતી કે નાપસંદ સલાહ આપે ત્યારે તેને પ્રત્યે મનમાં ઊપજતાં નફરતના ભાવોને હું રોકી શકું છું ખરો?

કોઈક સાથે ઝઘડો થાય ત્યારે હું શિક્ષિત છું. એવું યાદ રાખી અસંસ્કારી વાણી ઉચ્ચારવાનું માંડીવાળી શકું છું ખરો?

મારી સાથે દલીલબાજીમાં ઉતરતું બાળક કે જીદે ચઢેલી પત્ની ઉપર ત્રાટકવાને બદલે હું સમયોચિત મૌન અને સહિષ્ણુતા દાખવી શકું છું ખરો?

નોકર, રસોઈયો, ડ્રાઈવર કે હાથ નીચે કામ કરતો માણસ મારી આજ્ઞા ન પાળે, એનાથી હું ન ઈચ્છું તેવું જાણે અજાણે થઈ જાય તો એને અપશબ્દો બોલવાના કે નોકરીમાંથી કાઢી મૂકવાના વિચારને રોકી શકું છું ખરો?

મારૂં જ્ઞાન કે વિદ્ધતા અને નિપુણતા સિદ્ધ કરવા માટે બીજાની બોલતી બંધ કરી તેના ગૌરવનું ખંડન કરવામાં મને રસ પડે છે?

અન્યને પદોન્નત, સુખી, સમૃદ્ધ કે સફળ જોઈને મારા મનમાં તેના પ્રત્યે ઈર્ષ્યા કે દ્વેષ જન્મે છે ખરાં?

બીજાને ખોટો સાબિત કરવા એક ઝાટકે તેની વાત કાપીને તેણે હીણો ચિતરવાની હું કોશિશ કરૂં છું ખરો?

કોઈની જાસૂસી કરી, અફવાઓ ફેલાવી તેના ચારિત્ર્યને હાનિ પહોંચાડવામાં મને રસ પડે છે ખરો? દિવસ દરમિયાન લોભ, ક્રોધ, મોહ અને બેઈમાની કરવાની તકો સામે આવીને ઊભી રહે ત્યારે મારૂં મન મને ભ્રષ્ટ થતો રોકી શકે છે ખરૂં?

મને જાતના અતિ વખાણ અને બીજાની નિંદામાં મજા આવે છે?

જ્યાં નૈતિક હિંમત, સાહસ, જવાબદારી દેખાડવાની હોય ત્યારે હું સૌથી આગળ રહું છું કે પાછળ? કોઈ મોટા માણસને મળું ત્યારે હું ખુશામતખોરની જેમ વર્તુ છું કે પછી મારૂં આત્મસન્માન જાળવી શકું છું?

હું શંકાશીલ છું કે શ્રદ્ધાશીલ?

શું હું ઝિંદાદિલી દાખવી શકું છું ખરો?

પં.રાજહંસવિજયજી ગણિ

ગુજરાત વિધાનસભા ચૂંટણી કાઉન્ટડાઉન

### આવતી કાલે ચૂંટણી પંચની બેઠક

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે ત્યારે આવતીકાલે ચૂંટણીપંચ દ્વારા અમદાવાદ સર્કીટહાઉસ ખાતે બેઠક મળશે. મુખ્ય ચૂંટણી અધિકારી પી.વી. શ્વેને બોલાવેલી બેઠકમાં ૬ રાષ્ટ્રીય પક્ષોને આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં ભાજપ અને કોંગ્રેસના પ્રતિનિધિઓ હાજર રહી અનેક મુદ્દા પર ચર્ચા કરશે.

### ગતકડું....

- દેવન વ્યાસ



સારૂં છે પક્ષ તરફથી રાસ રમવાનો આદેશ નથી આવતો...!!!!

## બેસણું



સ્વ.ઘનશ્યામ લીલાધરભાઈ સોનઘેલા
સ્વ.તા.૨૫/૦૯/૨૦૧૭

અમારા સુપુત્ર ઘનશ્યામ લીલાધરભાઈ સોનઘેલા (ઠક્કર)નું દુઃખદ અવસાન તા.૨૫/૦૯/૧૭ ના રોજ થયેલ છે, સ્વર્ગસ્થનું બેસણું તા.૩૦/૦૯/૧૭ ને શનિવારે બપોરે ૩/૦૦ થી ૬/૦૦ સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : પાર્શ્વનાથ એવન્યુ, વાલાણી બાગ પાસે, પારસનગર સોસાયટી પાછળ, ધાનેરા

લિ.
લીલાધરભાઈ કરશનભાઈ ઠક્કર (પિતા)
હરેશકુમાર લીલાધરભાઈ ઠક્કર (ભાઈ)
(આનંદ ડેવલોપર્સ - ડીસા)
પ્રભુરામ કરશનભાઈ ઠક્કર (કાકા)
(જલારામ મેડીકલ સ્ટોર્સ - ખીમત)
રમેશકુમાર કરશનભાઈ ઠક્કર (કાકા)
(શિવ મેડીકલ સ્ટોર્સ - પાંથાવાડા)
તારાચંદ કરશનભાઈ ઠક્કર (કાકા)
(અંબિકા મેડીકલ સ્ટોર્સ - દાંતીવાડા)

CMYK

સૂર્યોદય - ૬.૩૨ સૂર્યાસ્ત - ૬.૩૦

## તિથિદર્શન

આસો સુદ-૮ ગુરૂવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :આઠમ ગુરૂવાર નવરાત્રી નક્ષત્ર : મુળ બપોરે ૧૨.૫૭ પછી પૂર્વષાઢા યોગ :સૌભાગ્ય કરણ : વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

કચ્છેણામેધ્યમધ્યે નિયમિતનુભિ: સ્થીયતે ગર્ભગર્તે,
કાન્તાવિશ્લેષ દુ:ખ વ્યતિકર વિષમે યૌવને વિપ્રયોગ:
નારીણામભ્યવજ્ઞા વિલસતિ નિયતં વૃદ્ધાભાવો અપ્યસાધુ
સંસારે રે મનુષ્યા વદત યદી સુખં સ્તોકમપ્યસ્તિ કિંચિંત

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'ગૃહસ્થાશ્રમ' માંથી આ શ્લોક છે. આ સંસાર દુ:ખમય જ છે એમ સમજાવવાનો આ શ્લોકનો પ્રયાસ છે:

મનુષ્ય- પ્રાણીઓ જ્યારે ગર્ભમાં હોય છે. ત્યારે નારીજાતિના શરીરમાં 'ઓર'ની દીવાલોમાં જકડાઈને એ અપવિત્ર (લોહી વગેરે વચ્ચે) ખાડામાં પડ્યો રહે છે. ( બચપણ- તારુણ્ય વિદ્યાભ્યાસના કઠિન તાપ- તપશ્ચર્યામાં રહેવું પડે છે) પછી જ્યારે યૌવન આવે છે, રમણી -સ્ત્રીના વિરહ માં- વિયોગમાં અને વિપરીત કષ્ટોમાં કાળ વિતાવવો પડે છે, પછી જ્યારે વૃદ્ધાવસ્થા કષ્ટોમાં કાળ વિતાવવો પડે છે, પછી જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે ઘરની સ્ત્રીઓ (પત્ની- પુત્રવધુઓ) નાં અપમાન સહન કરી વેઠવાં પડે છે, આમ જન્મથી વૃદ્ધાવસ્થા સુધીની તમામ અવસ્થામાં દુ:ખ જ દુ:ખ ભોગવવાનાં થાય છે. હવે તમે જ કહો, આ સંસારમાં જરા જેટલું પણ સુખ છે?! અહીં માનવપ્રાણીની બધી જ અવસ્થા ગર્ભ, બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં આવતી આપત્તિઓને યાદ કરાવી સંસારનાં દુ:ખોનું વર્ણન કર્યું છે. આવા દુ:ખમય સંસારમાં સુખની ક્ષણ ઊભી કરી લે કે ભોગવી લે એ જ સાચો સંસારી છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) નવિન મુલાકાત લાભદાયી નીવડે. જીવનસાથીનું આરોગ્ય સંભાળવું.**
**વૃષભ : (બ.વ.ઉ.) મનની મુરાદ બર આવે. માનસિક આનંદ-ઉત્સાહ વિશષ રહે.**
**મિથુન :(ક.છ.ઘ.) આવકમાં વૃદ્ધિ થાય. ધંધા-વ્યવસાયમાં લાભ થાય.**
**કર્ક : (ડ.હ.) નવિન આયોજનમાં સફળતા મળે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય.**
**સિંહ : (મ.ટ.) ગુપ્ત ચિંતા સતાવે, આરોગ્ય જોખમાય, ગૃહવિવાદના ભોગ બનવું પડે.**
**કન્યા : (પ.ઠ.ણ.) વડીલ વર્ગ કે ઉપરી અધિકારીના સહકારથી લાભ મળે. નવિન યોજના પાર પડે.**
**તુલા : (ર.ત.) વાણી ચાતુર્યથી કામ સફળ થાય. આકસ્મીક ધન લાભ.**
**વૃશ્ચિક :(ન.ય.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. માંગલિક કાર્યનું આયોજન થાય.**
**ધન : (ભ.ફ.ધ.) નવું સાહસ ન કરવું હિતાવહ. વ્યર્થ દોડા-દોડી રહે.**
**મકર : (ખ.જ.) કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.**
**કુંભ : (ગ.શ.સ.) યશ, માન, કીર્તિમાં વધારો થાય. સાસરા પક્ષ તરફથી લાભ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.)દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય. અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

રસાયણશાસ્ત્રમાં પદાર્થની સંરચના અંગેની એક નવી જ શાખાના સ્થાપક, રેશમના કીડાઓમાં રોગ ફેલાવતા જિવાણુઓની શોધ કરી રેશમના ઉદ્યોગને બચાવનાર, હડકવાની રસીના શોધક ડા.લૂઈ પાશ્ચરની પુણ્યતિથિ છે.

એમનો ફ્રાન્સમાં ૨૭-૧૨-૧૮૨૨ ના રોજ જન્મ થયો હતો.

હડકાયા કૂતરા કરડે ત્યારે જે હડકવાના રોગથી બચવાની ચૌદ રસી મુકવાની શોધ એમણે કરેલ છે.

૨૮-૯-૧૮૯૫ના રોજ એમનું નિધન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૭૦૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૨૭.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૭૪૦) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૭૦૩ પોઈન્ટના પ્રથમ અને ૯૬૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૭૭૭ પોઈન્ટ થી ૯૭૯૭ પોઈન્ટ, ૯૮૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ડો .huee (૨૩૧૫) :- ફાર્મા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૨૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૨૩૩ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૩૫૩ થી રૂ.૨૩૭૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૩૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) HDFC બેન્ક (૧૭૭૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૯૪ થી રૂ.૧૮૦૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૨૨૦) :- રૂ.૧૨૦૭ પ્રથમ તેમજ રૂ.૧૧૯૬ ના બીજા સપોર્ટથી સિમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૪૪ થી રૂ.૧૨૬૧ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) લ્યુપિન લિમિટેડ (૧૦૦૦) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૨૩ થી રૂ.૧૦૩૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) HCL ટેક્નોલોજી (૮૭૫) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૬૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૮૯ થી રૂ.૮૯૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ACC લિમિટેડ (૧૫૯૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૦૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૭૩ થી રૂ.૧૫૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૬૧૬ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) ડીવીઝ લેબ (૮૬૦) :- રૂ.૮૭૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૮૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૪૪ થી રૂ.૮૨૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૯૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) તાતા સ્ટીલ (૬૪૯) :- સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૬૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૬૨૭ થી રૂ.૬૧૮ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ગ્લેનમાર્ક ફાર્મા (૬૦૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૮૭ થી રૂ.૫૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૨૬ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) તાતા મોટોર્સ (૪૦૬) :- રૂ.૪૧૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૩૯૬ થી રૂ.૩૮૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૨૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

## શ્રી ગુરૂકૃપા સંસ્કાર વિદ્યાલય, આગથળાના વિદ્યાર્થીની રાજ્યમાં પાંચમાં ક્રમે પસંદગી

પ્રતિ. લાખણી

આગથળા ગામના વતની સોલંકી મહેશકુમાર કસ્તુરજીએ ગુજરાત રાજ્યની ૨૦૦ મીટર દોડ સ્પર્ધામાં ૩૬૫ વિદ્યાર્થીઓની સ્પર્ધામાં ભાગ લઈ પાંચમા ક્રમે પસંદગી કરાઈ છે. પંચમહાલ જિલ્લા ખાતે રમાયેલ આ દોડ સ્પર્ધામાં ઉત્સુકતાથી ભાગ લઈ સમગ્ર લાખણી તાલુકો, જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. જેથી ગુરૂકૃપા સંસ્કાર વિદ્યાલય, આગથળા પ્રિન્સીપાલ એલ.સી.પરમાર, સમગ્ર સ્ટાફ, ટ્રસ્ટી સુધીર ઠાકોર તથા તાલુકા સ્પોર્ટસ કન્વીનર જે.એલ.રાજપૂતે વિદ્યાર્થીને નેશનલ સ્પર્ધામાં પસંદગી બદલ બિરદાવેલ છે.



## અકાઈ ભારતમાં જાપાનીઝ તકનીકની નવી હોલમાર્ક ટેકનોલોજી ૧૨૬ સેમી (૫૦ ઈંચ) ના 4K અલ્ટ્રા એચડી સ્માર્ટ એલઈડી ટીવી રજુ કર્યા



અકાઈ ઈન્ડીયાએ નવો ૧૨૬ સે.મી. (૫૦ ઈંચ) નો ૪દ્ભ અલ્ટ્રા એચડી સ્માર્ટ એલઈડી ટીવીને પ્રસ્તુત કરી ભારતમાં તેના કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ પ્રોડકટ પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યો છે. આ આધુનિક ૫૦ ઈંચના સ્માર્ટ ટીવીની કિંમત રૂ.૫૯,૯૯૦ છે. વિશ્વસનીય જાપાનીઝ ટેકનોલોજીવાળા આ ટીવીમાં, એન્ડ્રોઈડ એપ્પનું લેટેસ્ટ (અદ્યતન)વર્ઝન અને બિલ્ટ-ઈન અકાઈ એપ્લિકેશન સ્ટોર છે. તેમાં તેના જેવા અન્ય પ્રોડકટસ કરતાં વધુ સારી ૧.૫ જીબી રેમ અને ૮ જીબી રોમ છે. ગતવર્ષે ઓક્ટોબરમાં ભારતમાં પુનઃલોન્ચ કર્યા પછી, અકાઈએ ભારતમાં ગ્રાહકમિત્ર લાક્ષકિતાઓ ધરાવતી અને જીવંત બનાવતી જાપાનની શ્રેષ્ઠ ટેકનોલોજી પ્રસ્તુત કરવાનો દષ્ટિકોણ ધરાવે છે.

Key Features

અલ્ટ્રા એચડી સ્માર્ટ એલઈડી ટીવીની સ્લીક ડિઝાઈનમાં બિલ્ટ-ઈન અકાઈ એપ્પ સ્ટોર છે જે ગ્રાહકોની આંગળીઓના નિર્દેશ પર આંખો સામે મનોરંજનનું સમગ્ર વિશ્વ પ્રગટ કરે છે. એપ્લિકેશન્સ અને મનોરંજનના ઘણા કન્ટેન્ટ પ્રદાન કરે છે. તમે કોઈપણ સ્થળે અને જયારે ઈચ્છો છો ત્યારે તમારા ફેવરીટ અકાઈ સ્ટોરના કન્ટેન્ટનો અસિમિત આનંદ લઈ શકો છો. તેમાં એક વિશેષ સુવિધા આંતરિક કનેક્ટિવિટી છે જેથી તમે વેબ પણ સર્ફ કરી શકો, વીડિઓ ઓન ડિમાન્ડનો આનંદ માણી શકો, સોશીયલ મીડિયા સાથે જોડાઈ શકો અને એપ સ્ટોરમાંથી ગેમ્સનો આનંદ માણી શકો છો. સ્માર્ટ ટીવીમાં વિઝ્યુઅલ ડિસ્પ્લે, એરર ફ્રી રીઝોલ્યુશન, રિલાયબિલિટી (વિશ્વનીયતા), કલર્સ સ્કિમ, બ્રાઈટનેસ અને કોન્ટ્રાસ્ટ માટે શ્રેણીની શ્રેષ્ઠ પેનલ લાગેલ છે, જેથી તમને ટીવી જોવાનો સંપૂર્ણ નવો અનુભવ મળે.

## અમદાવાદે ઉબરગરબા સાથે નવરાત્રીની ઉજવણી કરી

અમદાવાદ

વિશ્વની સૌથી મોટી ઓન-ડિમાન્ડ રાઈડશેરિંગ કંપની ઉબરે આ નવરાત્રીના તહેવારની ઉજવણીને વધુઆનંદમય બનાવવા માટે ઉબરગરબા કેમ્પેઈન અંતર્ગત વિવિધ પહેલકરી છે. નવરાત્રીના પ્રથમ દિવસે નૃત્ય અને સંગીતથી ભરપૂરગરબા સુનિશ્ચિત કરતા ઉબરે ગિફ્ટ હેમ્પર્સ આપ્યાં હતાં, જેમાંરેડિયો મીર્ચી રોક એન ઢોલ કાર્યક્રમ માટેના પાસ તથા કપલ માટેદાંડિયા આપવાનો સમાવેશ થાય છે. આ હેમ્પર્સ મેળવ્યાં બાદરાઈડર્સે અમને કેટલીક રસપ્રદ દાંડિયારાસ દર્શાવ્યાં હતાં અને કેટલાંકે પોતાની જાતે નવી સ્ટાઈલ પણ બનાવી હતી.. તહેવારો એકબીજાને મળવાનોઅવસર પૂરો પાડે છે અને અમે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છેકે અમારા રાઈડર્સ શહેરમાં શ્રેષ્ઠ ગરબા સ્થળો વચ્ચે એકની પસંદગીકરવા બાબતે મૂંજવણ ન અનુભવે. ઉબર ખાતે રાઈડર્સનું જીવન વધુઆરામદાયક અને સરળ બનાવવાની સાથે તેમને વિશ્વસનીય અનેવાજબી મુસાફરી પૂરો પાડવાનો અમારો ઉદ્દેશ્ય છે. આથી તેઓઆ તહેવારની મોસમમાં કોઈપણ ચિંતા કર્યા વિના મજા માણી શકે.''તહેવારો અને ફુડ એકબીજાના પૂરક છે. નવરાત્રીમાં ગરબા રમતાપહેલા અને પછી રાઈડર્સને તાજગીનો અનુભવ કરાવવા માટે ઉબરેશહેરના વિવિધ રેસ્ટોરાં સાથે જોડાણ કર્યું છે, જેથી રાઈડર્સઆકર્ષક ઓફર્સ પ્રાપ્ત કરી શકે. પોતાની ઉબર રિસિપ્ટ બતાવવાથીરાઈડર્સને તેમની પસંદગીની ઈટરી ઉપર આકર્ષક ઓફર્સ મળશે.આ ઉપરાંત ઉબરે શહેરભરના સૌથી મોટા નવરાત્રી કાર્યક્રમોનીયાદી પણ તૈયાર કરી છે, જેથી ગરબા પ્રેમીઓ કોઈપણ કાર્યક્રમ ચૂકી ન જાય.

## ચાળવા પે કેન્દ્ર શાળા માં રાસ ગરબા યોજાયા

પ્રતિનિધિ લવાણા

હાલ માં નવરાત્રી મોહોત્સવ ચાલી રહયો છે અને ખેલૈયા મોડે રાત સુધી નવરાત્રી ની રમઝટ બોલાવતા હોય છે જયારે નવરાત્રી ને અનુલક્ષી ને લાખણી તાલુકાના ચાળવા ગામે આવેલ પે કેન્દ્ર શાળા માં નવરાત્રી રાસ ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળા ના વિધાર્થીઓ અને સાળા સ્ટાફ ગણ જોડાયા હતા અને ડી જે ના તાલ સાથે ગરબાની રમઝટ બોલાવી હતી ગરબા માં સુંદર પ્રદર્શન કરનાર વિધાર્થી ને શાળા ના પ્રિન્સિપાલ લક્ષમણભાઈ રાજપુતે ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# પાલનપુર તાલુકા અને શહેર ભાજપની બૃહદ કારોબારીની બેઠક યોજાઈ

## આગામી વિધાનસભા માટે સજ્જ થવા કાર્યકરોને આહ્‌વાન



પાલનપુર

ગુજરાતમાં અબાગામી વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ આયામોની બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. જિલ્લા કારોબારી બાદ પાલનપુર વિધાનસભામાં સમાવિષ્ટ પાલનપુર તાલુકો અને પાલનપુર શહેરની બૃહદ કારોબારીની બેઠક સર્જન હોલ પાલનપુર ખાતે યોજાઈ હતી. જેમાં વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી કાર્યક્રમોની વિગતો આપતાં જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવેએ કારોબારી સમિતિની બેઠકનું મહત્વ સમજાવ્યુ હતું. પાર્ટીના કાર્યક્રમો અને સરકારની યોજનાઓ પ્રજા સુધી પહોંચી તેની ચિંતા કરવા જણાવ્યું હતું. તેમણે પાર્ટીના કાર્યકરોને સરકારની વિકાસલક્ષી યોજનાઓથી માહિતીસભર રહીને કોંગ્રેસના ભ્રામક અપપ્રચારનો સામનો કરવા આહવાન કર્યુ હતુ. તેમણે ઉમર્યુ કે આગામી ૧૬ મી ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા વિશાળ પેજપ્રમુખ સંમેલનમાં સૌ પેજ પ્રમુખો ઉપસ્થિત રહે તે પ્રમાણે આયોજન કરવા જણાવ્યુ હતું. સાથે સાથે ૧૧ મી ઓક્ટોબરે પાલનપુર ખાતે ગુજરાત ગૌરવયાત્રામાં પણ મોટી સંખ્યામાં લોકો જોડાય તે પ્રમાણે પ્રયાસ કરવા જણાવ્યુ હતું.

અનુસંધાન પાના નં.૬

## લવાણા અંબાજી મંદિરે નવરાત્રીની રમઝટ



હસમુખ ચૌધારી

પ્રતિનિધિ લવાણા

નવરાત્રી એટલે સક્તિ ની ઉપાસના સાથે સાથે ગરબે ઘુમવા નો તહેવાર નવરાત્રી ના નવ દિવસ સુધી માઈ ભક્તો માતાજી ની ઉપાસના કરે છે તો મોડી રાત સુધી ગરબાની પણ રમઝટ બોલાવતા હોય છે ત્યારે લાખણી તાલુકા ના લવાણા ગામે આવેલ અંબાજી મંદિરે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ નવરાત્રી મોહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે અને અહી મોડે રાત સુધી નવરાત્રી ગરબા ની રમઝટ જામે છે.

લવાણા ગામે આંબાજી માતાજી નું ભવ્ય મંદિર આવેલ છે જે મંદિર પટાંગણ માં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મંદિર ના મહંત શ્રી કૌશલ દાસજી મહારાજ અને ગ્રામજનો દ્વારા સુંદર નવરાત્રી મોહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે અંબાજી માતાજી ના મંદિર અને ચાચાર ચોક ને સુંદર લાઈટિંગ અને ડેકોરેશન થી શણગારવા માં આવ્યું છે અહી દરોજ ગરબા શરૂ થતાં પહેલાં માતાજી ની આરતી નો ચઢાવો બોલાય છે જેમાં ભાગ્યશાળી લોકો માતાજી ની આરતી નો ચઢાવો લઈ માં અંબાજી ની આરતી ઉતારી ધન્યતા અનુભવે છે જયરબાદ ગરબા સરૂ થાય છે અને ખેલૈયા મોડે રાત સુધી ગરબા ની રમઝટ બોલાવે છે.

## કુંપટ શિતળા માતાજીના મંદિર પ્રાંગણમાં રાસ - ગરબાની રમઝટ



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ડીસા શહેરની નજીક આવેલ કુંપટ ગામમાં ઐતિહાસિક શિતળા માતાજીનું મંદિર આવેલ છે. ગામલોકો સહીત પંથકમાં શ્રધ્ધા અને આસ્થા સમા શિતળા માતાજીના મંદિરના પ્રાંગણમાં યુવક મંડળ દ્વારા નવરાત્રીનું ભવ્ય આયોજન કરતા મંદિરને આકર્ષક રોશનીથી શણગારવામાં આવ્યું છે અને નવરાત્રીના નવ દિવસ સુધી રોજ રાત્રે સિયારામ સાઉન્ડના સથવારે દાદા કુંથા મ્યુઝીકલ ગ્રૃપના કલાકાર અજય ઠાકોર અને સજન સાધુના સુરતાલના સથવારે ખેલૈયાઓ મોડીરાત સુધી ગરબે ઘુમી રહ્યા છે. ગરબામાં મહિલા અને પુરૂષોની લાંબી લાઈન લાગી રહી છે. તેથી શિતળા માતાજીના ચાચર ચોકમાં ગરબાની રમઝટ જામી રહી છે.

શિતળા માતાજી યુવક મંડળના તમામ કાર્યકરો સાથે ગામના યુવાનો વડીલો અને આગેવાનોની સતત હાજરી અને સુંદર આયોજનના પગલે શીતળા માતાના ધામ કુંપટ ગામમાં નવરાત્રીનો માહોલ જામ્યો છે.

## ડીસાની બી કે ગેલેક્સિ સોસાયટી ખાતે ગરબાની રમઝટ



ડીસા

બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર ડીસા શહેર નવલા નોરતા ના રંગે રંગાઈ ગરબે ઘૂમી રહ્યા છે ત્યારે ડીસા શહેર બીકે ગેલેક્સિ સોસાયટી ખાતે ભવ્ય આરતી સાથે ગરબાનું આયોજન કરાયું હતું.

આદ્ય શક્તિ માં અંબાનું પર્વ એટલે નવરાત્રી . નવરાત્રી ના નવ દિવસ દરમ્યાન તમામ શેરી મોહલાઓ માં અંબાની ભક્તિ માં તરબોળ થઈ મોડી રાત શુધી ગરબે રમે છે ત્યારે હવે નવરાત્રી ના આડે હવે થોડા દિવસો રહ્યા છે. ત્યારે ડીસા શહેર ના તમામ વિસ્તારો માં નવરાત્રી ના સાતમા દિવસે લોકો મોડી રાત શુધી ગરબે રમ્યા હતા. ડીસા શહેર ના બીકે ગેલેક્સિ ખાતે મહા આરતી કરવામાં આવી હતી અને આરતી બાદ તમામ ખેલાયાઓ અવનવા ટ્રેડિશનલ ડ્રેશ માં આવીને અલગ અલગ ગ્રુપ માં મોડી રાત શુધી ગરબા માં રમઝટ જમાવી હતી.

## સીસરાણા મા. ઉ.મા. શાળામાં નવરાત્રી પર્વની ઉજવણી



પ્રતિ. સીસરાણા

સીસરાણા હાઈસ્કૂલમાં ડી.જે.ના ગરબાના તાલે શાળાના પટાંગણમાં શાળાના બાળકો દ્વારા નવરાત્રી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે માતાજીના દીપપ્રાગ્ટય અને આરતી દ્વારા પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. જેમાં શાળાના પ્રમુખ વિરસંગભાઈ પટેલ, ટ્રસ્ટીઓ નરસંગભાઈ પટેલ, મેઘરાજભાઈ પટેલ ગામમાંથી પધારેલ દૂધ મંડળીના મંત્રી શામજીભાઈ ઉપલાણા, વાલી મંડળના પૂર્વ પ્રમુખો કેશરસિંહ રાણા, મોઘજીભાઈ પટેલ તથા બળવંતસિંહ રાણા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાપ્રસાદ શાળાના મ.શિ. આશાબેન ચૌધરી ઉ.મા. વિભાગ તરફથી આપવામાં આવેલ અને કાર્યક્રમનું આયોજન આચાર્ય પી.બી.ચંડીસાના માર્ગદર્શન તળે થયો. બાળકોમાં ભાઈઓમાં અને બહેનોમાં પ્રથમ ત્રણ ક્રમે આવનારને ઈનામ આપવામાં આવેલ હતા.

## સાયન્સ - કોમર્સ કોલેજ, પાલનપુર ટેબલ ટેનીસમાં ચેમ્પિયન



સંજય જોષી

પાલનપુર

હેમ. ઉત્તર ગુજરાત યુનિ. આયોજીત આંતરકોલેજ ટેબલ ટેનીસ ભાઈઓની સ્પર્ધા શા. શિ. અનુસ્નાતક ભવન, પાટણ મુકામે યોજાઈ હતી. તેમાં આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરનો એમ. કોમ. સેમ.૧ નો વિદ્યાર્થી ચૌહાણ પ્રતિકસિંહ જે.એ ટેબલ ટેનીસ (સિંગલ્સ) સ્પર્ધામાં સ્પર્ધાના સમગ્ર રાઉન્ડ જીતી ચેમ્પિયનશીપ મેળવી. જેઓ હેમ. ઉત્તર ગુજરાત યુનિ. ની ટીમ તરફથી સોલાપુર યુનિવર્સિટી (મહારાષ્ટ્ર) મુકામે ઈન્ટર યુનિવર્સિટી માટે પસંદગી પામેલ છે. તે બદલ કોલેજના આચાર્ય ડો.વાય.બી.ડબગર, સ્પોર્ટસ કન્વીનર પ્રા.ડી.એન. પટેલ તેમજ શા.શિ. વ્યાખ્યાતા રાહુલ કે.ડેરીયા તથા સમગ્ર કોલેજ પરિવારે બિરદાવ્યો છે.

## શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળામાં ડી.જે.ના તાલે નવરાત્રિની ઉજવણી



ડીસા

ડીસા ખાતે સર્વોદય એજયુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળામાં પણ નવરાત્રીના ગરબાનું ડી.જે.ના તાલ સાથે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું સમગ્ર સ્ટાફ તેમજ બાળકો ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને રમ્યા હતા. સમગ્ર માહોલ ભક્તિમય બન્યો હતો. ગરબા રમ્યા બાદ સ્ટેજ પ્રોગ્રામ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ સુંદર ગ્રૂપ ડાન્સ રજૂ કર્યા હતા. ગરબામાં વિજેતા વિદ્યાર્થી અને શિક્ષકોને ઈનામ પણ આપવામાં આવ્યું હતું તેમજ શાળામાં અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ કાકરેચી, રાજુભાઈ સાંખલા, નિતેશભાઈ રાઠોડ તેમજ અનિલભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. તમામ સ્ટાફ અને બાળકોનો શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદીએ વ્યક્ત કર્યો હતો.

## ચીમનગઢ હાઈસ્કૂલનું ગૌરવ

પ્રતિ. રૈયા

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત ડાયેટ પાલનપુર અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી પાલનપુર આયોજીત વીણાવાદિની શાળા વિકાસ સંકુલ દિયોદર. વખા ખાતે ૧૪ મું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ૨૦૧૭-૧૮ માં શ્રી વિનય વિદ્યામંદિર, ચીમનગઢ શાળાએ વિભાગ-૧ માં ચૌધરી રીન્કલ, વણકર વર્ષા, વિભાગ-૩ માં ચૌધરી કેતન એમ., દેસાઈ મોતી જી. પ્રથમ નંબરે પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ તા.૨૬,૨૭,૨૮ સ્કૂલ ઓફ સાયન્સ પાલનપુર ખાતે જશે તેના માર્ગદર્શક ભવાનભાઈ વી. પ્રજાપતિ, આચાર્ય તથા સ્ટાફગણ તથા મંડળના પ્રમુખ અણદાભાઈ આર.પટેલ અને કાંકરેજ ભાજપ પ્રમુખ ડાયાભાઈ પિલિયાતરે શાળાની સિધ્ધીને બિરદાવી હતી.

## તાલુકા પંચાયતમાં સહાય માટે ખેડુતોને ધક્કા ન ખાવા પડે તે જોવાની કર્મચારીઓને વિપક્ષની તાકીદ

### સામાન્ય સભામાં ૨૦૧૫ વાળી નહી થાય તેવી સંતોષકારક કામગીરી કરવાની ખાત્રી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકા પંચાયતની સાધારણસભામાં વિપક્ષોએ અધિકારી કર્મચારીઓ પાસે પુરની અસરોની માહિતી મેળવી ૨૦૧૫ના વર્ષની જેમ ખેડુતોને ધક્કા ખાવા ન પડે તેવી વિપક્ષોએ તાકીદ કરતાં કર્મચારીઓએ અગાઉ કરતાં સારી અને સરસ કામગીરી કરવાની ખાત્રી આપી હતી.

થરાદ તાલુકાપંચાયતમાં પ્રમુખ મગાજી ઠાકોરની અધ્યક્ષતામાં સામાન્ય સભા યોજાઇ હતી.જેમાં કોઇ મહત્વપુર્ણ મુદ્દા ન હતા કે પ્રમુખ સ્થાનેથી પણ કંઇ રજુ ન થતાં વિપક્ષોએ તાલુકાપંચાયતના કર્મચારીઓની લેફ્ટરાઇટ લીધી હતી. જેમાં વિરોધપક્ષના નેતા માંગીલાલ પટેલે તાજેતરમાં આવેલા વિનાશક પુરમાં ખેડુતોને વિવિધ પ્રકારે થયેલા નુકશાનની આંકડાકીય વિગતો મેળવી હતી.તેમજ ૨૦૧૫ના પુરમાં સહાય મેળવવા મુદ્દે ખેડુતોને અનેક પ્રકારની મુશ્કેલીઓ ભોગવવી પડી હતી.જેનું પુનરાવર્તન ન થાય તેની તાકીદ કરી હતી.જોકે કર્મચારીઓએ પણ આ વખતે અગાઉનું પુનરાવર્તન નહી થાય તે માટે સારી અને સરસ કામગીરી કરવાની ખાત્રી આપી હતી.આ બેઠકમાં તાલુક પંચાયતના કારોબારી ચેરમેન ખાંનાભાઇ પટેલ,સદસ્ય મોહનભાઇ રાજગોર,મદદનીશ ટીડીઓ ભીખાભાઇ ગુજોર, તાલુકા પંચાયતના કલાર્ક તુષારભાઇ ચૌધરી સહીત બહોળી સંખ્યામાં સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## યાત્રાધામ ઢીમામાં એસ.ટી. બસની સુવિધાનો અભાવ

### યાત્રાળુઓ સહિત નગરજનોમાં મુશ્કેલી



પ્રતિ. ઢીમા

વાવ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા ખાતે છેલ્લા દશ વર્ષથી બસ સ્ટેશનનો અભાવ વર્તાય રહ્યો છે તેમ છતાં કોઈ પણ જાતના નક્કર પગલા લેવામાં આવતા નથી જેથી ઢીમા ગ્રામજનો, વેપારીઓ અને ધરણીધર ભગવાનના દર્શને આવતા યાત્રાળુઓમાં રોષની લાગણી ઉદભવી રહી છે.

આ બાબતે ઢીમા ગ્રામજનો દ્વારા મૌખિક અને લેખિતમાં છેક ગાંધીનગર સુધી અનેકવાર રજૂઆત કરવામાં આવી છે અને એસ.ટી. નિગમ દ્વારા પણ ત્રણ થી ચાર વખત એસ.ટી.બસ સ્ટેશન માટે સર્વે કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી જેથી દિવસે ને દિવસે યાત્રાળું તથા ગ્રામજનો -વેપારીઓને મુશ્કેલીઓ વધી રહી છે જો કે યાત્રાધામ ઢીમાના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા પાંચ કરોડ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે તેમ છતાં આજે છેલ્લા કેટલાય વર્ષોથી એસ.ટી. બસ સ્ટેશનની સુવિધાનો અભાવ વર્તાય રહ્યો છે.આથી વાવના ધારાસભ્ય અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી યાત્રાધામ ઢીમા ખાતે નવું એસ.ટી.બસ સ્ટેશન બનાવવા યોગ્ય કાર્યવાહી કરે તેવી યાત્રાળુઓ અને ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

## વાવના વાવડીયાના પુરગ્રસ્ત ખેડૂતોને સહાય ફાળવવામાં ભેદભાવ


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના વાવડી ગામના પુરગ્રસ્ત ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપી એક સરખુ નુકશાન હોવા છતાં અધિકારીઓએ મળતીયાઓને ૩૫ હજાર જયારે સભ્યોને માત્ર ૪ હજારની મામુલી સહાય ચુકવી હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા.

ખેડૂતોએ આવેદનપત્રમાં જણાવ્યું હતુ કે જુલાઈ મહિનાના પૂરમાં ખેડૂતોને જમીન ધોવાણ અને પાક ધોવાણ થતા લાખો રૂપિયાનું નુકશાન થયું છે. તેમ છતાં અધિકારીઓએ સહાય ચુકવવામાં વાલા-દવાલાની નીતિ અપનાવી હળાહળ અન્યાય કર્યો છે. ત્યારે સરકારના નિયમ મુજબ હેક્ટર દીઠ તમામ ખેડૂતોને એક સરખી સહાય ચુકવવાની માંગ કરી હતી અને તેમની માંગણી ૩ દિવસમાં નહી ચુકવાય તો હાઈકોર્ટના દ્વાર ખખડાવી ઉગ્ર આંદોલન છેડવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

## જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આજથી પાંચ દિવસનું મીની વેકેશન

### નવા શૈક્ષણિક સત્રમાં બાળકોને અપૂરતુ શિક્ષણ

તા.પ્રતિ. થરા

ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષણનું સ્તર ગુણોત્સવ શાળા પ્રવેશોત્સવ શ્રૈષ્ઠ શાળા ખેલ મહાકુંભના સુસવાટા વચ્ચે કથળી રહ્યું છે. જેમાં શિક્ષણનું મોનીટરીંગ નહી થતું હોવાનુંને સર્વશિક્ષા અભિયાન અંતર્ગત આવતી ગ્રાન્ટો-તાલીમોને બીજા કાર્યક્રમ ટ્યુશન અપડાઉન મોબાઈલ શાળામાં વિદ્યાર્થી સંખ્યાના પ્રમાણ કરતાં શિક્ષકોની વધુ સંખ્યાને ઉચ્ચ કક્ષાએ રાજકીય કાવાદાવામાં કોઈ પગલાં નથી લેવાતાં ને સ્વનિર્ભર શાળાઓનું વધતુ પ્રમાણ. આ બધા વચ્ચે નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ થયો પણ બનાસકાંઠા જિલ્લામાં તો વરસાદી કહેરને પશ્ચિમ વિસ્તારોમાં ઘોડાપૂરના તાંડવે શિક્ષણના દિવસો અસ્ત વ્યસ્ત થઈ ગયા. કેટલીક શાળાઓમાં શિક્ષણકાર્ય થયું નથી તેવી સ્થિતિ વચ્ચે નવલાં નોરતાની રમઝટ બાદ આજે પારણાં નોમથી ગાંધીજયંતિ તા.૨૮-૯-૨૦૧૭ થી ૨-૧૦-૨૦૧૭ પાંચ દિવસીય મીની વેકેશનનો પ્રાથમિક શાળાઓમાં શુભારંભ થયો છે. ગુજરાતમાં ટ્યુશન પ્રથા પર પ્રતિબંધ હોવા છતાં છડે ચોક સવારના સાડા ચારથી રાત્રીના દશ વાગ્યા સુધી ગામડાંથી માંડીને શહેરો સુધી ગ્રાન્ટ્રેડ-નોનગ્રાન્ટેડ સરકારી શાળાઓનાં ગણિત-વિજ્ઞાન-અંગ્રેજીના શિક્ષકોની હાદડીઓ ધામધોકા ચાલી રહી છે. અનેક રજૂઆતો છતાં વાલીઓને કોઈ ન્યાય મળતો નથી. બનાસકાંઠા જિલ્લા કલેક્ટરે વહેલી સવાર અને મોડી રાત્રીના ટ્યુશન ક્લાસીસો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચનો આપ્યા હોવા છતાં આવી હાટડીઓ વરલી-જુગાર-દારુના અડ્ડાઓની જેમાં જાહેરમાં ધમાકેદાર ચાલી રહી છે. કોઈ વાલી ફરીયાદ કરે તો તેના બાળક અને વાલીના અનેક પ્રકારે હેરાન કરવામાં આવે છે. અથવા ટ્યુશન ક્લાસીસમાં આવતો બંધ કરી તેના એડવાન્સ પૈસા પાછા આપવામાં આવે છે. શિક્ષણનું સ્તર સુધારવા માટે અનેક પ્રયત્નો કરતી ગુજરાત સરકાર પ્રાથમિક શાળાઓમાં સાચું મોનીટરીંગ થાય તેવા આદેશ આપશે ? ટ્યુશન ક્લાસીસોની હાટડીઓ બંધ થશે ??

## કાણોદર હાઈવે ઉપર હોટલની સામેથી વિદેશી દારૂ ભરેલ કન્ટેનર ઝડપાયું

### પાલનપુર એલ.સી.બી કી.રુ ૨૧,૨૨,૫૦૦ નો મુદામાલ કબજે કર્યો


સંજય જોષી

પાલનપુર

પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર જિલ્લામાં દારૂ/જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા એલ.સી.બી પોલીસ ઈન્સ્પેકટર જે એચ સિંધવ તેમજ સ્ટાફના ગણપતલાલ, ભરતજી, દિગ્વીજયસિહ, જયપાલસિહ, નરેસભાઈ રધુવિરસિહ, રાજેસકુમાર તથા પાલનપુર તાલુકા પો.સ્ટે.ના વિરચંદભાઈ, ગેમરભાઈ, વિનોદભાઈ નાઓએ કાણોદર હાઈવે ઉપર બરખા હોટલ સામે એક કન્ટેનર રોકાવેલ જેનો નં HR-6-A-3986 સીલબંધ કન્ટેનરનું સીલ તોડી અંદર જોતા વિદેશી દારૂ ભરેલ હોઈ,જે દારુ હરીયાણા થી નવીનકુમાર રામકીસનજી જાટ રહે-સુરપુરા, તા-લુહારુ જી-ભીવાની, હરીયાણાવાળો ડ્રાઈવર તરીકે ચલાવી લાવેલ જેમા જોતા વિદેશી દારૂ બોટલ નંગ-૨૮૪૪ કિ.રૂ.૧૧,૨૨,૦૦૦/-તથા મોબાઈલ કી રૂા.૫૦૦ તથા કન્ટેનર ગાડી રૂા.૧૦,૦૦,૦૦૦/- એમ કુલ મુદામાલ કિંમત રૂ.૨૧,૨૨,૫૦૦/- નો રાખી પકડાઈ ગયેલ હોઈ આરોપી વિરુધ્ધ પાલનપુર તાલુકા પો.સ્ટે.મા પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

## થરાદના રાહમાં નવજાત બાળકને તરછોડતાં અરેરાટી

### પોલીસે અજાણી મહિલા સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી


(વિષ્ણું દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદના રાહ ગામના રોડ પર વહેલી સવારે એક નવજાત બાળકને મરવા માટે ત્યજી દેતાં તેની નફ્ફટ જનેતા સામે પંથકમાં ભારે ચકચાર સાથે અરેરાટીનો માહોલ ફેલાવા પામ્યો હતો.પોલીસે બાળકને ત્યજી દેનાર અજાણી મહિલા સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવહી હાથ ધરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતુંકે થરાદ ૧૦૮ને રાહ ગામથી બુધવારના વહેલી સવારના સુમારે કોઇનો ફોન આવતાં ૧૦૮ના ઈએમટી અમરાભાઈ અને પાયલોટ રાજુભાઈ પરમાર રાહ દોડ્યા હતા.જ્યાં રોડની બાજુમાંથી એક નવજાત બાળક લોહીયાળ હાલતમાં તાજું જન્મેલ જીવીત હાલતમાં મળી આવતાં સવારના સવાપાંચ વાગ્યાના સુમારે થરાદની સરકારી હોસ્પીટલમાં લઇ આવ્યા હતા. જ્યાં તબીબ કુલદીપ માથુરે વજન કરતાં ૨.૨૫૦ કિલોગ્રામ હોઇ તેની સારવાર ચાલુ કરી હતી.

આ અંગે તેમણે થરાદ પોલીસને જાણ કરતાં પોલીસ કર્મીઓ દોડ્યા હતા.તેમજ કુલદીપ માથુરની ફરીયાદના આધારે પોલીસ દફતરે બાળકને મારી નાખવાના ઈરાદે જીવતું ત્યજી દઇ તેના જન્મ મુત્યું છુપાવવાના ઈરાદે રોડ પર ફેંકી દેવા બદલ ગુનો દાખલ કર્યો હતો.આજના યુગમાં પુત્ર પ્રાપ્તિની ઘેલછાએ અનેક માતાઓ પથ્થર એટલા દેવ પણ પુજતી હોવાના કિસ્સા પણ જોવા મળતા હોય છે ત્યારે આ બનાવથી રાહ તથા થરાદ પંથકમાં અરેરાટી અને ચકચાર સાથે બાળકને રોડ પર ફેંકી મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કરનાર તેની જનેતા સામે ફીટકારની લાગણી ફેલાવા પામી હતી.

## હાઈકોર્ટે દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામે હત્યા કેસમાં સાત આરોપીઓની આજીવન કેદ રદ કરી

ડીસા

દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામે તકરાર થતાં તા.૧૬/૫/૨૦૦૮ ના રોજ સાંજના સાત વાગ્યાના સુમારે નારણસિંહ કેશરસિંહ રાજપૂતની હત્યા થઈ જે અંગે તેમના ભાઈ રાજુસિંહ કેશરસિંહ રાજપૂતે પાથાવાડા પોલીસ સ્ટેશનમાં સાત આરોપીઓ વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ કરાવ્યો હતો.ફરિયાદ અનુસાર ઓઢવા ગામ નજીક ત્રણ રસ્તા પર નારણસિંહ ઉભો હતો ત્યારે નરપતસિંહ પઢિયાર ત્યાં આવ્યો હતો તે સમયે ત્યાં નરસિહંજી માળી સહિત અન્યો બસસ્ટેન્ડ પાસે પાઈપ,લાકડી જેવા હથિયારો સાથે ત્યાં ઉભા હતા તેમણે તેને તું રોજ મારા ઘરે પૈસા માગવા કેમ આવે છે તેમ કહી છરી, પાઈપ સાથે હુમલો કરતાં તેમનું મોત નીપજ્યું હતું. આ કેસ એડિશનલ જિલ્લા કોર્ટ - ડીસામાં ચાલી જતાં તા.૨૯/૨/૧૨ ના રોજ સાત આરોપીઓને જન્મટીપની સજા ફટકારી હતી. પરંતુ આ આજીવન કેદની અપીલ અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી જતાં આરોપીઓ તરફે હાઈકોર્ટના એડવોકટ પોપટજી હસ્તાજી સોલંકી (માળી) એ રજૂઆત કરી હતી કે તમામ આરોપીઓ સામેના પુરાવાઓ માની શકાય તેમ નથી અને પોલીસે જે છરી કબજે કરી છે

અનુસંધાન પાના નં.૬

## ડીસા બનાસ નદીના પટમાંથી આધેડની લાશ મળી

### પૂલ ઉપરથી ઝંપલાવી આત્મહત્યા કરી હોવાનું તારણ

ડીસા

ડીસા બનાસ નદી માંથી બુધવારે બપોરે અજાણ્યા આધેડ ઈસમની લાશ નદીના પટ્ટમાંથી મળી આવી હતી.તેમના મૃત્યુ અંગે અનેક શંકા કુશંકા છે ત્યારે આધેડે નદીના પુલ ઉપરથી ઝંપલાવી આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક તારણ છે.

ડીસાની બનાસ નદી માં બુધવારે બપોરે એક અજાણ્યાં ભિક્ષુક જેવા લાગતા પુરુષોની લાશ પડી હોવાના સમાચાર તાલુકા પોલીસને મળતાં પોલીસ દોડી ગઇ હતી. આશરે મૃતક આશરે ૬૦ વરસની ઉંમરના અને ભિક્ષુક જેવા લાગતા હતા. તેઓને શરીરે પટકાવા જેવી ઈજા હોવાથી તેમણે પુલ પરથી ઝંપલાવી આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક તારણ છે. પોલીસે તેમની લાશ ને ડીસા સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે મોકલી હતી.તેમની પાસેથી તેમની ઓળખ થાય તેવો કોઈ પણ પ્રકારનો પુરાવો મળ્યો નથી. જેથી પોલીસે હાલ અકસ્માતે મોત અન્વયે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ધાણધાના યુવકે જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો

પાલનપુર

પાલનપુર તાલુકાના ધાણધા ગામના ૨૦ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ઝેર પી જીવનલીલા સંકેલી લેવાનો પ્રયાસ કરતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. પાલનપુર તાલુકાના ધાણધા ગામના સંજય કલ્પેશભાઈ વારેચા ઉ. ૨૦ ઝેરી દવા પી પાલનપુરના કબ્રસ્તાનમાં પડ્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

## જુનાડીસામાં મનરેગાના કામનું ધારાસભ્ય દ્વારા નિરિક્ષણ



જુનાડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામે રામદેવપીરના મંદિરે મનરેગા યોજના હેઠળ ચાલતા માટી કામનું ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ નિરિક્ષણ કર્યુ હતું અને મજુરોને બારે મહિના રોજગારી મળી રહેશે તેવી ખાત્રી ઉચ્ચારી હતી.

સરકાર દ્વારા ગરીબ મજુરોને ઘર આંગણે રોજગારી મળી રહે તે માટે મનરેગા યોજના કાર્યરત છે ત્યારે જુનાડીસા ગામે સરપંચ બબાભાઈ દેસાઈ અને ડે.સરપંચ ફારુકભાઈ ધાસુરા તથા સભ્યોના પ્રયાસોથી પ્રથમવાર રામાપીર મંદિરના પ્રાંગણમાં માટી પુરાણનું કામ મનરેગા હેઠળ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં મજૂરોની અથાગ જહેમતથી ઉંડો ખાડો પુરાઈ જતા જમીન સમતલ બનવા પામી છે. જેથી ગ્રામજનોમાં ખુશાલી છવાઈ છે. ગતરોજ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ કામનું નિરિક્ષણ કરી જણાવ્યુ હતુ કે કોંગ્રેસે શરૂ કરેલી મનરેગા યોજના હેઠળ ગરીબ પરિવારો ઘરઆંગણે કામ મેળવવાના હકદાર છે. જેઓ ચાલુ વર્ષ રોજગારી મેળવી શકે છે તેવી કાયદામાં જોગવાઈ પણ કરાઈ છે. એટલું જ નહી, મજૂરોની મજૂરીના નાણાં બેંકમાં જમા થાય છે તેથી ગેરરીતિને અવકાશ નથી, પરંતુ તેના થકી ગામમાં પ્રાથમિક સવલતો ઉપલબ્ધ કરાવવાની હાકલ કરી મંદિરના સમતલ થયેલા મેદાનમાં ટાઈલ્સ પણ નાંખી અપાવવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે પ્રકાશભાઈ ભરતીયા, દિપકભાઈ પટેલ, પંચાયત રાજ્ય જીવણભાઈ છત્રાલિયા, સોમાભાઈ દેસાઈ, દલાભાઈ દેસાઈ, મુકેશભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ દેસાઈ, મોતીભાઈ પુનડીયા, મફાભાઈ છત્રાલિયા, ભુરાભાઈ ઠાકોર, મોઈન સિન્ધી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં હતાં.

## છાપી પોલીસે નાસતો ફરતો આરોપી પકડ્યો



છાપી

બનાસકાંઠા જિલ્લાના પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાથી છાપી પી.એસ. આઈ. એમ.એન. દેસાઈ સ્ટાફ સાથે નવરાત્રિ નિમિતે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન વરસડા ચાર રસ્તા પાસે કાળા રંગની ટીયુવી ગાડી (નં.જી.જે.૦૮. બી.બી. ૯૧૯૨) ને શકના આધારે રોકાવી ચાલકનું નામ - ઠામ પૂછ્યું હતું. જેથી ચાલકે તેનું નામ રમેશભાઈ વાલજીભાઈ ચૌધરી (રહે. નાવીસણા, તા.વડગામ) હોવાનું જણાવ્યું હતું. જેની વિરૂધ્ધ સૂત્રાપાડા (ગીર સોમનાથ) પોલીસ મથકે ઈ.પી. કો.ક. ૪૦૯, ૪૬૫, ૪૬૮ અને ૪૭૧ મુજબનો ગુનો નોંધાયેલ છે પરંતુ તે આ ગુનામાં નાસતો - ફરતો હોઈ પોલીસે તેની અટકાયત કરી આ બાબતની જાણ સુત્રાપાડા પોલીસને કરી હતી.

## ડીસામાં આસી.કમિશ્નરની વેપારીઓ સાથે બેઠક

### જી.એસ.ટી.ને લઈ પ્રવર્તતી ગેરસમજ દુર કરવાનો પ્રયાસ


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા ખાતે દિલ્હીથી આવેલા આસીસ્ટન્ટ કમિશ્નરે વેપારીઓ સાથે બેઠક યોજી જી.એસ.ટી.ને લઈ પ્રવર્તીતી અણસમજ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતું.

જી.એસ.ટી.ને લઈ દેશભરમાં વેપારીઓ અસમજના કારણે વિરોધ કરી રહ્યાં છે. બનાસકાંઠા જિલ્લાના વેપારીઓમાં પણ દર મહિને રજુ કરવાના માસિક પત્રકને લઈ જી.એસ.ટી.નો વિરોધ ઉઠવા પામ્યો છે. જેને ધ્યાને લઈ દિલ્હીથી આવેલા આસીસ્ટન્ટ કમિશ્નરે વેપારીઓ સાથે બેઠક યોજી હતી જેમાં વેપારીઓએ માસિક પત્રક અને ઓનલાઈન રજીસ્ટ્રેશન સહિતની મુશ્કેલીઓની રજૂઆતો કરી હતી. જે રજૂઆતો તેમણે સાંભળી યોગ્ય માર્ગદર્શન આપ્યુ હતું. આ બાબતે કરીયાણા મર્ચન્ટ એસોસીએશનના વેપારી જગદીશભાઈ મોદીએ જણાવ્યું હતુ કે

અનુસંધાન પાના નં.૬

## થરાદની બે હોસ્પીટલોમાં સર્ચ ઓપરેશન બીજે દિવસે પણ ચાલુ

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરની બે મોટી હોસ્પીટલોમાં મંગળવારની સાંજે અમદાવાદ આઇ ટી.ની ટીમોએ હાથ ધરેલું સર્ચ ઓપરેશન બીજા દિવસે પણ દિવસભર ચાલ્યું હતું.આથી અન્ય હોસ્પીટલો અને મોટાં માથાંઓને ફફડાટ અને ઉત્તેજના પણ યથાવત રહેવા પામ્યાં હતાં.જોકે આ ઓપરેશનમાં તબીબો પાસેથી બેનામી સંપત્તિ મળે તેવી કોઇ શક્યતાઓ નહીવત હોવાનું જાણવા મળ્યું હતું.જોકે હોસ્પીટલોએ ટેક્ષ ચુકવવાનો બાકી નિકળે તે ભરવો પડે તેમ કન્સલ્ટેડ સુત્રો પાસેથી પરોક્ષરીતે જાણવા મળ્યું હતું.

## દીઓદરમાં નવરાત્રીની રમઝટ જામી

તા.પ્રતિનિધિ દીઓદર

સમગ્ર દેશમાં ઉજવાતા નવલી નવરાત્રીનો પ્રારંભ તા.૨૧-૯-૨૦૧૭થી શક્તિ સ્વરૂપ જગદ જનની મા અંબાના વિવિધ સ્વરૂપોની ભક્તિ-ઉપાસનાના પાવન પર્વ નવરાત્રીનો રંગે ચંગે પ્રારંભ થયેલ છે. દીઓદર શહેરમાં આ વર્ષે પ્રગતિનગર સોસાયટી, અંબિકાનગર સોસાયટી, કર્મચારીનગર સોસાયટી, તિરૂપતિનગર સોસાયટી, ધરણીધર સોસાયટી, ગાયત્રીનગર સોસાયટી, આશાપુરા સોસાયટી,પૂર્ણિમા સોસાયટી, રેલ્વે સ્ટેશન વિસ્તાર,શિવનગર વિગેરે સોસાયટીઓમાં નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી મોડી રાત સુધી ગરબાની રમઝટ માણી રહ્યા છે.નવરાત્રી દરમિયાન શહેરમાં મંડપ ડેકોરેશન, લાઈટો તથા સાઉન્ડના તાલે સમગ્ર વાતાવરણ નવરાત્રીમય બની રહેવા પામેલ છે.જેમાં નોરતાની રાત્રે માતાજીની પૂજા અર્ચના અને આરતી કરવા માટે લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીના પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી રહ્યા છે.ખેલૈયાઓ મોડી રાત સુધી મન મુકીને રમતા જોવા મળી રહ્યા છે.અનેક સોસાયટીઓમાં લ્હાણી કરવામાં આવી રહી છે.

## થરાદ પાલિકા દ્વારા પ્રજાની સુખાકારી માટે પે એન્ડ યુઝ શૌચાલય ખુલ્લુ મુકાયું


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરની અને બહાર ગામથી અવર-જવર કરતી પ્રજાની જાહેર સુખાકારી માટે પાલિકા દ્વારા થરાદ શહેરમાં ટાંડા તળાવની પાળે જાહેર શૌચાલય અને સ્નાનાગૃહ( પે એન્ડ યુઝ શૌચાલય) અંદાજીત ૧૪ લાખના ખર્ચથી બનાવવમાં આવ્યું હતું.જે બનાવીને નિભાવણી માટે એક સાંઇ સામાજીક સેવા સંસ્થાન નામની ખાનગી સંસ્થાને સોંપવામાં આવ્યું હતું.જેનું પાલિકા દ્વારા બુધવારે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાલિકાના મહીલા પ્રમુખ સુમિત્રાબેન દવે, ચીફઓફીસર રૂડાભાઇ રબારી,પુર્વ પ્રમુખ પથુભાઇ રાજપુત,એન્જીનીયર આર આઇ પટેલ,પ્રમુખપતિ વસંતભાઇ દવે,હબીબભાઇ સમેજા,હાજીભાઇ સિપાઇ સહિત બહોળી સંખ્યામાં સદસ્યો અને પાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસા તાલુકા ભાજપ કિસાન મોરચાની પ્રથમ કારોબારી બેઠક યોજાઈ


ભરત સુંદેશા

ડીસા

ડીસા તાલુકાના ભાજપ કિસાન મોરચાની કારોબારી બેઠક તા.૨૭/૯/૧૭ ના રોજ સવારે ૧૦ કલાકે ડીસા માર્કેટ હોલમાં યોજાઈ જેમાં આવનારી વિધાનસભાની ચૂંટણીમાં સંગઠન અને કિસાન મોરચાની વિવિધ કામગીરની ચર્ચા કરાઈ હતી. મહામંત્રી વનરાજસિંહ વાઘેલા, નગરપાલિકાના પ્રવિણભાઈ માળી, મહામંત્રી રમેશભાઈ દેસાઈ, તાલુકા ભાજપના પ્રમુખ લેબજી ઠાકોર, મહામંત્રી બાબરસિંહ વાઘેલા બનાસ બેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈ, જોગાભાઈ દેસાઈ, તાલુકા કિસાન મોરચાના પ્રમુખ નરેશભાઈ માળી, મહામંત્રી સુરેશ સિલ્વા તેમજ ડીસા તાલુકાના કિસાન મોરચાના હોદેદારો તેમજ સેલના કન્વીનરો તેમજ કારોબારીના સભ્યો હાજર રહ્યા હતા.

**ડીસા નગર સેવા સદન**

**ટેન્ડર નોટીસ નંબર - ૪૮/૨૦૧૭**

**બીજી વખત**

આથી જાહેર બાંધકામ વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઇજારદારશ્રીઓને જણાવવાનું કે, ડીસા નગરપાલિકાને નીચે મુજબનું કામ કરાવવાનું હોઇ અનુભવી સાધન સંપન ઇજારદારો પાસેથી આ અંગે ઇ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે વિગતવાર માહિતી www.nprocure.com ઉપર મેળવી લેવા જણાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | અંદાજી રકમ |
|---|---|---|
| ૧. | ડીસા નગરપાલિકા વિસ્તારમાં ''સ્વર્ણિમજયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના'' આગવી ઓળખ હેઠળ રે.સ.નં.૩૫ અને ૧૧૩ સીટ નં.૫૫, ૫૬, સીટી સર્વે નં.૪૦૬૬ ની દક્ષિણે આવેલ વ્હોળાવાળી બીન નંબરી જમીન ઉપર તળાવ બ્યુટીફીકેશનનું કામ(બીજી વખત) | રૂા.૫૩૬.૦૦ લાખ |

નં.ન.પા.બાંધકામ/સ્વર્ણિમ/ટેન્ડર/વશી ૨૦૧૭-૧૮
નગરપાલિકા કચેરી
ડીસા તા.૨૭-૦૯-૨૦૧૭ ડીસા નગરપાલિકા

# એશિયાની નામાંકિત બનાસ ડેરીની jica (જાપાન ઈન્ટર નેશનલ કો-ઓપરેટીવ એજન્સી) પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી

પાલનપુર

બનાસડેરી દૂધ અને દૂધની બનાવટો બનાવતી વિશ્વની નામાંકિત ડેરી તરીકે ગણના થાય છે. જેના લીધેદેશ–દુનિયાના અનેક લોકો મુલાકાતે આવતા હોય છે. દૂધના ધંધામાં દુનિયામાં પોતાની આગવી ઓળખ ધરાવનાર બનાસ ડેરીની તા. ૨૬/૦૯/૨૦૧૭ના રોજ જાપાન દેશના ઢ્વૈષ્ઠ્ક (જાપાન ઈન્ટર નેશનલ કો-ઓપરેટીવ એજન્સી) પ્રતિધીનિધિ મંડળે મુલાકાત લીધી. બનાસડેરીના ચેરમેન અને ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ વિશ્વ ફલક પર વિકાસ કરીને નામના મેળવી છે. ઢ્વૈષ્ઠ્ક (જાપાન ઈન્ટર નેશનલ કો-ઓપરેટીવએજન્સી) ની મુલાકાત નો ઉદેશ્ય સહકારી ક્ષેત્રે ડેરી ઉધોગને મજબુત કરવા માટેનો છે. સહકારી ક્ષેત્રે ડેરી ઉધોગ મજબુત થાય તે માટે જાપાનની ટીમ સર્વે કરી રોકાણ કરશે. દેશના વડાપ્રધાન પણ સહકારી ક્ષેત્ર દ્વારા દેશના ખેડૂતોનો વિકાસ થાય તે માટે સતત ચિંતિત છે. તાજેતરમાં જ જાપાનના વડાપ્રધાન ભારતની મુલાકાતે આવ્યા હતા અનેભારતના વિકાસ માટે અરસપરસ કરાર કરવામાં આવ્યા હતા.ઢ્વૈષ્ઠ્ક (જાપાન ઈન્ટર નેશનલ કો-ઓપરેટીવ એજન્સી) અત્રે ત્રણ દિવસ માટે મુલાકાતે આવેલ છે. તેઓ બનાસડેરીના વિવિધ પ્લાન્ટો, કાતરવા કેટલફીડ પ્લાન્ટ, તથા સહકારી મંડળી તેમજ પશુપાલકોની મુલાકાત લઇ તેઓ ડેરીઉદ્યોગમાં રોકાણ કરશે. આ રોકાણથી આ દેશના ખેડૂતોને આર્થીક મોટા પ્રમાણમાં લાભ થશે. તેઓ ડેરીની મુલાકાત લઈને દૂધ અને દૂધ માંથી બનતી વિવિધ બનાવટોને પ્રત્યક્ષ રીતે નિહાળીને તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા, સાથે -સાથે તેઓ ભારતીય સંસ્કૃતિની રીતભાત જોઈ ભાવ વિભોર થઈ ગયા હતા.બનાસ ડેરીના વરિષ્ઠ અધિકારીઓએ જાપાન ઢ્વૈષ્ઠ્કના સભ્યોએ આવકારીને ભાવભીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, અને

હવે આવનારા સમયમાં હજી પણ બનાસ ડેરી વિદેશમાં વિકાસનો નવીન પંથ ચિંધશે. વર્તમાન સમયમાં બનાસ ડેરી વિશ્વની શ્રેષ્ઠ ડેરી તરીકે ગણના થાય છે તે આપણા સૌના માટે ગૌરવની બાબત કહી શકાય છે.

# વરસડા પ્રાથમિક શાળામા નવરાત્રિ મહોત્સવની ઉજવણી


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાની વરસડા પ્રાથમિક શાળામા નવરાત્રિ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામા આવી. સૌ પ્રથમ શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા મા અમ્બાની આરતી કરવામા આવી હતી. ત્યારબાદ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમૂહમા ગરબે ઘૂમ્યા હતા.નવરાત્રિ મહોત્સવની ઉજવણીમા શાળાનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ તથા નાના ભૂલકાઓ પણ જોડાયા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય બેનશ્રી દક્ષાબેન પટેલ, રસિકભાઇ પટેલ,ગણેશભાઇ બાવળેચા, મણીલાલ પરમાર, રાજેન્દ્રભાઇ પટેલ,

મહિપાલસિહ સોલંકી, અશોકભાઇ પરમાર, જિગ્નાબેન મેવાડા,આશાબેન શેઠ અને મહેન્દ્રભાઇ ચૌહાણ વગેરેએ ઉજવણીમા ભાગ લીધો હતો.

# ગાંધી આજે નહીં, કાયમી પ્રસ્તૃત રહેશે...વરિષ્ઠ પત્રકાર હરિભાઈ દેસાઈ

### રામજીભાઈ વહોરા : આઠમી સ્મૃતિ વ્યાખ્યાનમાળા નૂતનભારતી મડાણામાં યોજાઈ

ડીસા

સર્વોદયના આરાધક અને ગાંધી વિચાર પ્રમાણે જીવન વ્યતિત કરનાર સ્વ.રામજીભાઈ વહોરાની નવમી પુણ્યતિથિએ તેમની સ્મરણાંજલિમાં આઠમી વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. પોરબંદરના મોહન અને દ્વારકાના મોહનના વ્યક્તિત્વને ઉજાગર કરતા બે વ્યાખ્યાનો આ પ્રસંગે યોજાયા હતા.

આઠમા ચરણના પ્રથમ વ્યાખ્યાન વરિષ્ઠ પત્રકાર ડો.હરિભાઈ દેસાઈ હતા. સાંપ્રત સમયમાં ગાંધી વિચારની પ્રસ્તુતિ વિષય ઉપર તેમણે તલસ્પર્શી રીતે ચર્ચા કરી હતી. પ્રતિબધ્ધતા પૂર્વક તેમણે જણાવ્યું હતું કે ગાંધી આજે જ નહી, કાયમી પ્રસ્તુત રહેશે. ગાંધીને કોઈ સમય નહીં મીટાવી શકે. જોશીલી જબાનમાં તેમણે કેટલાંય ઐતિહાસિક તથ્યોને પ્રસ્તુત કર્યા હતા.

વ્યાખ્યાનના બીજા પ્રવક્તા હતા સંત શ્રી આનંદમૂર્તિજી મહારાજ તેમણે કૃષ્ણ જીવ્યા તેમ જીવાય ખરું ? વિષય ઉપર કૃષ્ણના જીવનમાં વિવિધ પાસાંને રસસભર રીતે રજુ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર કૃષ્ણ જીવી ના શકાય તેમના અંશોમાંથી પ્રેરણા લઈ શકાય.

કનુભાઈ આચાર્યે રામજીભાઈ વહોરાના જીવન વિષે વાત કરતાં જણાવ્યું હતુ કે તેમણે આ વિસ્તારમાં લોકોને ગાંધીમાર્ગે નીડર ને નિર્ભય બનાવ્યા હતા. દેહબળ, બુધ્ધિબળ કરતાં પણ આત્મબળ મોટું છે. તેમણે સર્વ શાયર મુસાફીર પાલનપુરીએ ગાંધીબાપુ વિષેની ગઝલોની પંક્તિઓ દ્વારા ગાંધીને ભુલતા જતા યુગ ઉપર કટાક્ષો વેર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સંચાલક ડો.કનુભાઈ વહોરાએ સંસ્થા દ્વારા ચાલતા કાર્યની ઝાંકી રજુ કરી હતી. કાર્યક્રમમાં લોક નિકેતનના સંચાલક શ્રી કિરણભાઈ ચાવડા, સમાજ અગ્રણી જયંતીભાઈ ઠક્કર ઓઢાવાળા, હરિ ઓમ હાઈસ્કૂલના નિયામક નટુભાઈ વ્યાસ લેખક ચિત્રકાર નાથાભાઈ બ્રહ્મક્ષત્રિય, સ્વાતંત્ર્ય સેનાની કવિ આઝાદીના પુત્ર પ્રવિણભાઈ ભોજક અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

બીજું વ્યાખ્યાન પૂજ્ય સંત શ્રી આનંદ મૂર્તિજી મહારાજે આપ્યુ હતું. તેમનો વિષય હતો. કૃષ્ણ જીવ્યા તેમ જીવી શકાય ખરું ? આ વિષય ઉપર પોતાના આગવા વિચારો દર્શાવતાં તેમણે જણાવ્યું હતુ કે કૃષ્ણ પૂર્ણ છે. આપણે પૂર્ણ રીતે જીવી ના શકીએ પરંતુ તેમના કેટલાક અંશોમાંથી પ્રેરણા લઈને જીવી શકાય. વૃંદાવન એમનું ડ્રીમલેન્ડ હતું. સવપ્ન સૃષ્ટિ...

આનંદ મૂર્તિજીએ કૃષ્ણને નામે ચાલતી કેટલીય અંધશ્રધ્ધાનો વિરોધ કર્યો અને કૃષ્ણના વ્યક્તિત્વને વિશદ રીતે મુકી આપવાનો પ્રયત્ન કર્યો હતો.

કનુભાઈ આચાર્યે તેમનો પરિચય આપ્યો હતો. વર્ષા બહેન બારોટે બન્ને પ્રસંગે સુરીલા કંઠે ભજનો રજૂ કર્યા હતા. ભાવેશભાઈ પટેલે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

# રાજપુર શાળાની વિદ્યાર્થીની વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે


જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસા શહેરની પ્રાથમિક શાળાઓમાંથી પંડિત દિનદયાળ ઉપાધ્યાયનું યોગદાન એ વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં રાજપુર શાળાની બે વિદ્યાર્થીનીઓ ધો-૫ વિભાગમાં પંચાલ જયશ્રીબેન ઓમ પ્રકાશભાઈ તથા ધો-૬ થી ૮ વિભાગમાં તમન્ના રફીકભાઈ મેમણે ભાગ લીધેલ હતો.

ડીસાની સ્ટેશન પ્રા. શાળામાં યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં રાજપુર શાળાનં ૧.ની તમન્ના રફીકભાઈ મેમણ(ધો-૬ થી ૮ માટે) એ પ્રથમ નંબર મેળવી શાળા અને રાજપુર ગામનું તથા મેમણ સમાજનું ગૌરવ વધાર્યું છે. હવે તમન્ના તા.૨૭-૯-૨૦૧૭ ના રોજ યોજાનાર બીજા તબક્કામાં ભાગ લેશે. વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે ચિરાગભાઈ સોની તથા રાઠોડ મંગળસિંહે ખુબ જ જહેમત ઉઠાવી હતી.

વિજેતા બાળકોને શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયાએ બિરદાવ્યા હતા.

# ડીસા ટેકરાવાળી મેલડી માતાજીના મંદિરે હવન - પ્રસાદનું આયોજન



વિનોદ બોડીવાલા

ડીસા

ડીસા શહેરના ટેકરા વિસ્તારમાં આવેલ શ્રી મેલડી માંના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે આસો સુદ-૮ ને ગુરુવાર તા. ૨૮/૯/૨૦૧૭ ના રોજ સવારે હવનનો પ્રારંભ કરવામાં આવશે

અને સાંજે ૪ વાગે માતાજીના મંદિરે શ્રીફળ હોમ થશે. જયારે સાંજે ૫ વાગે મંદિરે નેજુ ચડાવવામાં આવશે. જયારે મહાઆરતી ૬-૧૫ વાગે કરવામાં આવશે. ત્યારબાદ ધર્મપ્રેમી જનતાની હાજરીમાં ગરમાગરમ તેલના તવામાં શ્રધ્ધાપૂર્વક પુરી હાથથી કાઢવાનો કાર્યક્રમ યોજાશે.

જે પ્રસંગે મેલડી માના મંદિરના માઈભક્ત શ્રી ઈશ્વરજી અમથુજી ઠાકોરે ડીસા તેમજ આજુબાજુની ધાર્મિક જનતાને હવન તેમજ ભોજનપ્રસાદનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# પાલનપુર ખાતે કલેકટરના અધ્યક્ષસ્થાને ચૂંટણીના નોડલ અધિકારીઓની બેઠક યોજાઇ

પાલનપુર

વિધાનસભાની સામાન્યે ચૂંટણી-૨૦૧૭ ને અનુલક્ષી પાલનપુર ખાતે જીલ્લાથ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠા શ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાપને ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા નોડલ અધિકારીઓની બેઠક યોજાઇ હતી. ચૂંટણી નિષ્પસક્ષ, નિર્ભય, તટસ્થં, અને શાંત માહોલમાં સારી રીતે યોજાય તે માટે કલેકટરે અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. વિધાનસભાની ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા દ્વારા જીલ્લા કક્ષાએ ચૂંટણીની વિવિધ કામગીરી માટે ૧૮ જેટલા નોડલ અધિકારીશ્રીઓની નીમણુંક કરવામાં આવી છે. બેઠકમાં દરેક નોડલ અધિકારીઓની કામગીરી બાબતે વિસ્તૃરત ચર્ચા વિચારણા અને સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં મેન પાવર મેનેજમેન્ટમ, ઈવીએમ અને વીવીપીએટી મેનેજમેન્ટા, ટ્રાન્સેપોર્ટ મેનેજમેન્ટ , નોડલ ઓફીસર ટ્રેઈનીંગ, નોડલ ઓફીસર મટીરીયલ મેનેજમેન્ટ , નોડલ ઓફીસર આચારસંહિતા, ખર્ચ નિયંત્રણ, કાયદો અને વ્યઓવસ્થા , બેલેટ પેપર, ડમી બેલેટ અને પોસ્ટચલ બેલેટ, મિડીયાલક્ષી કામગીરી, મોનીટરીંગ અને કોમ્યુયનિકેશન પ્લાન વગેરે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મતદારોની જાગૃતી વધે તે માટે સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવા કલેકટર સુચના અને સરસ માર્ગદર્શન પણ આપ્યું હતું. અક્ષમ મતદારોને સુવિધા અંગે પણ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં જીલ્લો વિકાસ અધિકારી અમીત અરોરા, પોલીસ અધિક્ષકશ્રી નીરજ બડગુજર, આસી. કલેકટર નવનાથ ગવહાણે, નિવાસી અધિક કલેકટર બાંભણીયા, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી બાબી, તમામ પ્રાન્તક અધિકારીઓ, વિવિધ નોડલ અધિકારીઓ, મામલતદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમીરગઢ કોલેજમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસની ઉજવણી


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

વર્તમાન સમયમાં આત્મહત્યા કરવા પ્રેરતી જીવલેણ ગેમ 'બ્લ્યુ વ્હેલ' ના કારણે વિશ્વમાં આશરે ૨૫૦ અને ભારતમાં ૨૦ જેટલા કિસ્સાઓ નોંધાયા છે ત્યારે વિદ્યાર્થીઓમાં આ બાબતે જાગૃતિ આવે તેવા આશયથી સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તારીખ ૧૧ સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' (૧૦ સપ્ટેમ્બર) ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમાજશાસ્ત્રના અધ્યાપક અજયભાઈ વળવીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વ આત્મહત્યા દિવસની ઉજવણીની શરૂઆત ક્યારે થઈ અને તેના મહત્વ વિશે વિદ્યાર્થીઓને સમજુતી આપી. ત્યારબાદ પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી એમિલ દુર્ખાઈમના આપઘાતના સિદ્ધાંતની ચર્ચા કરી. ભારતમાં વિદ્યાર્થીઓ , સ્ત્રીઓ અને ખેડૂત આત્મહત્યા માટેના કારણો તેમજ આત્મહત્યા નિવારણ માટેના ઉપાયોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તથા આચાર્ય એન. આર.ચૌધરીએ આત્મહત્યા નિવારણ અંગેની વિસ્તૃત સમજુતી આપી. અંતમાં સમાજશાસ્ત્રના અધ્યાપક ભુપેન્દ્રભાઈ ચડોખિયાએ આભારવિધિ કરી હતી.

# શ્રી નવજીવન બી.એડ્. કોલેજ, ડીસામાં શિક્ષક માર્ગદર્શન સેમિનાર યોજાયો



ડીસા

શ્રી નવજીવન બી.એડ્. કોલેજ, ડીસામાં તા-૨૫/૦૯/૨૦૧૭ ના રોજ શિક્ષક માર્ગદર્શનઅંગેનો સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા દિલિપભાઈ દેશમુખ સાહેબનેઆંમિત્રિત કરવામાં આવ્યા હતા. જેમણે તાલિમાર્થીઓને ભવિષ્યના શિક્ષણ અંગે સરળભાષામાં શિક્ષકનું સમાજમાં મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજનાંટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી, અધ્યપકશ્રીઓ તથા તમામ તાલિમાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.

# જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સાહેબની વાણી થકી પી.એસ.આઈ.નું જીવન પરિવર્તન



બારડોલી

પરમ પૂજ્ય સરસ્વતીલબ્ધ પ્રસાદ 'પદ્મભૂષણ' થી સન્માનિત થયેલા આચાર્ય દેવશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબનો વાણીનો તથા પુસ્તકનો પ્રભાવ એટલો વિસ્તરીત થયો છે કે માત્ર જૈનો જ નહિ, પણ અજૈન, મુસલમાન, સિંધી, પારસી, પટેલ, મરાઠી, તામિલ અનેક લોકોને લાભ થયો છે. જેનું વર્ણન શબ્દમાં થઈ શકે તેમ નથી. જયારે ગુરૂદેવ પાસે આવીને મળે. દર્શન કરે અને તેમના મુખેથી સાંભળીએ ત્યારે ખબર પડે કે કેટલા થોડા સમયમાં પરિવર્તન આવી ગયું ''સાહેબ તીન સાલસે આપકા પ્રવચન સુન રહા હૂં, ક્યાં પરિવર્તન આ ગયા. આજ આપશ્રીકા સાક્ષાત્ દર્શન હુએ. હમ તો પાગલ બન ગયે'' એવું જ એક પરિવર્તન બારડોલીના પી.એસ.આઈ ચાવડામાં આવ્યું.. તેઓ પહેલા પરદેશમાં રહેતા હતા.. હાલ તેઓ ગુજરાતમાં રહે છે.. પૂજ્ય ગુરૂદેવશ્રીનું માત્ર એક જ પ્રવચન સાંભળી પણ નિયમિત પ્રવચન સાંભળવાનો નિર્ણય કર્યો અને પ્રવચન સમય પહેલા જ પ્રવચન મંડળમાં પોતાની જગ્યાએ આવી બેસી જાય... આ પણ એક વિનય છે.. સમય પહેલા પહોંચી જવાની ટેવ જીવન વિકાસમાં બહુ લાભદાઈ થાય છે.. એક વખત એમને પૂજ્ય ગુરૂદેવશ્રીના આશીર્વાદ લેવાનું મન થયું.. એમના મિત્ર અશોકભાઈનો સંપર્ક કર્યો.. પૂજ્ય ગુરૂદેવશ્રીનો સમય લીધો.. સાહેબ! આપના આશીર્વાદ લેવા એમને આપની પાસે આવવું છે.. એટલા સમજુ હતાં કે આવા મોટા સંતના આશીર્વાદ લેવા હોય તો ગમે ત્યારે પહોંચી ના જવાય.. લેખન કાર્યમાં વ્યસ્ત હોય.. માટે સમય તેઓશ્રી આવે પછી જ જવાય. ગુરૂદેવે બપોરે ૩ વાગ્યાનો સમય આપો. અશોકભાઈ પી.એસ. આઈને લઈને આયા.. એમના પત્ની પણ સાથે હતા.. બન્ને ગુરૂદેવશ્રી પાસે આવ્યા અને તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.. દર્શન થતાં ડૂમો ભરાઈ ગયો આંખમાં આંસુ ચાલવા લાગ્યા.. બે મિનિટ મૌન છવાઈ ગયું.. ગુરૂદેવશ્રી જોતા રહ્યા. વાતની શરૂઆત થઈ સાહેબ! બનાસકાંઠા ભાભરમાં પરમ પૂજ્ય પૂજ્યપાદ પંન્યાસ શ્રી ચંન્દ્રશેખર વિજયજી મ.સાહેબ હતાં. નમન કર્યા... વાતચીત પુરી થયા પછી મને પુછ્યું તમે કંઈક વ્યથિત લાગો છો? જવાબ હા. મુનિવર.. મારી નોકરી બનાસકાંઠા ભાભરમાં છે ને મારો પરિવાર સુરત રહે છે.. પરિવાર મારાથી દુર છે.. એના કારણે દુઃખી છું, સારૂં! બધુ સરસ થઈ જશે.. થોડા જ સમયમાં સમસ્ત ગુજરાતના સુપ્રીટેન્ડન્ટ પાસે જવાનું થયું.. એમની સાથે વાતચીત થયા પછી તેમણે પણ પુછ્યું.. તમને કંઈક મુંઝવણ લાગે છે? જવાબ.. હા. મારાથી મારો પરિવાર દૂર રહે છે, જો મારી નોકરી સીફ્ટ થઈ જાય તો સારુ! ૪- ૫ દિવસ પછી મારી બદલી સુરતમાં થઈ.. સાહેબ! સુરતમાં મારી એવી ધાક કે અશુભ તત્વો ફાવે નહિ, વ્યસની, ચોર, ડાકુ, ગુંડા વગેરેને જરાય ફાવવા ન દઉ. પકડાય તો સજા પણ આકરી કરે.. દંડા વગેરે પણ ફટકારે.. એમની વિશેષતા એ હતી કે વાલોડ પાસેથી નોકરી દરમ્યાન કતલખાને જતા હજારો પશુઓને બચાવી પાં-જરાપોળ મોકલ્યા હતા.

આવા પી.એસ.આઈ. પ્રવચન સાંભળી ખૂબ જ પ્રભાવિત થયા.. અને પોતાનું જીવન સુધારી મસ્તીથી જીવી રહ્યા છે.. વર્તમાન કાળમાં યુવાનો માટે પૂજ્યપાદશ્રીની વાણી- પુસ્તકો દીવાદાંડી રૂપ પુરવાર થયા છે. ગુરૂદેવશ્રીને મળીને નીચે ઉતર્યા ત્યારે એમના મિત્રનો ખૂબ આભાર માન્યો કે તમે મને ગુરૂદેવશ્રીના દર્શન કરાવ્યા..

# શ્રી શિહોરી પે.કે.શાળા નં-૧.ના શિક્ષિકાનો વિદાય સમારંભ યોજાયો


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

તા.૨૬-૯-૨૦૧૭ ને મંગળવારના રોજ શ્રી શિહોરી પે.કેન્દ્ર શાળામાં ફરજ બજાવતા રમીલાબેન અમથાભાઈ પરમાર વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ ગાયમાતાના મંદિરમાં યોજાયો હતો. જેમાં કાંકરેજ તાલુકા મામલતદાર ચૌહાણ, જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, નાયબ ટીડીઓ ત્રિવેદી, બીટ કેળવણી નિરીક્ષક દેસાઈ કમલેશભાઈ, ભાજપ અગ્રણી હંસપુરી ગૌસ્વામી, કાંકરેજ તાલુકા શિક્ષક ઘટક સંઘના પ્રમુખ જગમાલભાઈ જોષી તેમજ મંત્રી તેજમલસિંહ ઉપસ્થિત રહ્યા હતા. વયનિવૃત્ત થતા પરમાર રમીલાબહેને શાળાના બાળકોને તિથિભોજન આપ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ ડી.વાઘેલાએ તિથિભોજન આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# એ.પી. ત્રિવેદી શૈક્ષણિક સંકુલ ખોરડામાં ગરબા મહોત્સવ યોજાયો

પ્રતિનિધિ થરાદ

શુક્રવારે એ.પી.ત્રિવેદી આર્ટસ,કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ,ખોરડા ખાતે નવરાત્રીના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના બી.એ અને બી.એસ.સી ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ એ ઉત્સાહપૂર્વક ગરબા મહોત્સવમાં ભાગ લઇ આધશક્તિની ઉપાસના કરી હતી.

# સનાતન ધર્મના સંત દ્વારા યોજાયો મગરવાડા તિર્થસ્થાને ભંડારો


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

આસો સુદ પાંચમ(હવન પાંચમ)ના મગરવાડા માણિભદ્રવીર મેળા નિમિત્તે આંકલીપારા નિવાસી પ.પૂ.સંતશ્રી વિરમદાસ મહારાજના આયોજન હેઠળ મેળામાં આવતા દાદાના ભક્તજનો માટે પ્રસાદ રૂપે શીરો, મગ, દાળ-ભાત તેમજ ચા-ગાંઠીયા, ઠંડી છાશનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં ૧૦,૦૦૦ થી વધુ ભક્તજનોએ પ્રસાદ લીધો હતો. તેમજ આસો સુદ ચોથ(આગલા દિવસે) સંત મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નોરતા નિવાસી પ.પૂ.સંતશ્રી દોલતરામ મહારાજ, મગરવાડા ગાદીપતિ વિજયસોમજી મસા., ધનજીરામ મહારાજ (નવોવાસ) બીજા નામિ-અનામિ સંતો પધાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વીર પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચામાં નિમણુંક

પ્રતિનિધિ ભીલડી

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા કારોબારીની રચના કરવામાં આવી છે. ત્યારે લીંબાચીયા કીર્તિભાઈ જયંતિભાઈ નવી ભીલડીની જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારીમાં નિમણુંક કરાતાં બનાસકાંઠા જિલ્લા લીંબાચીયા સમાજ તેમજ મિત્ર વર્તુળમાં સારો એવો આવકાર સાંપડી રહ્યો છે.

## રાજ્ય સરકારની...

પાના નં.૧ ચાલુ

અન્ય સ્પેશ્યાલીસ્ટ ડોકટરો કાયમી ધોરણે સેવાઓ આપશે. તદ ઉપરાંત એક્ષરે, સોનાગ્રાફી, ફેકોમશીન, ઓકસીજન જેવી વ્યવસ્થાઓ સહીત ઈમરજન્સી ટ્રોમા સેન્ટર અને આઈ.સી.યુ.ની સગવડ પણ ઉપલબ્ધ થશે. હોસ્પિટલમાં કુલ ૭૫ બેડની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

ઉલ્લેખનીય છે કે, વાવ વિસ્તારના ધારાસભ્ય અને રાજયના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી આ વિસ્તારની પ્રજાનું આરોગ્ય જળવાય તે માટે વિશેષ ધ્યાન આપીને મત વિસ્તારમાં અવારનવાર નિ:શુલ્ક મેડીકલ કેમ્પો દ્વારા નિષ્ણાંત તબીબો દ્વારા મેડીકલ ચેકઅપ કરાવવામાં આવે છે.

ભાભર ખાતે મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ થતાં આ વિસ્તારની પ્રજા માટે ઘર આંગણે તમામ પ્રકારની તબીબી સેવાઓ ઉપલબ્ધ થશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સરહદી વિસ્તારની પ્રજા ઉપસ્થિત રહીને રાજય સરકારની આ અનોખી દિવાળીભેટને વધાવશે.

## ભાભરમાં ...

પાના નં.૧ ચાલુ

અત્રે ઉલ્લેખનીય છે કે નવરાત્રીના ગરબામાં બન્ને પાડોશી પૈસાની લેતી દેતીમાં મારા - મારી ઉપર ઉતરી આવતા ગરબા બંધ થઈ ગયા હતા. જેમાં ભાભર શહેર ભાજપ યુવા પ્રમુખ કલ્પેશ ઠક્કરને વધુ ઈજાઓ થઈ હતી. જ્યારે નગરપાલિકાના ભાજપી નગર સેવીકા પ્રિતિબેન ઠક્કર સામે પણ ફરીયાદ થતાં શહેરમાં ચકચાર મચી છે.

## ડીસા તાલુકા...

પાના નં.૧ ચાલુ

આ બાબતે ઉગ્ર રજૂઆત કરતા પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા ડીસા તાલુકાની તમામ શાળાઓ અને આંગણવાડીઓને રિપોર્ટ સર્વે રિપોર્ટ ૩૦ સપ્ટેમ્બર સુધી મળી જાય તે રીતે શિક્ષણ વિભાગને સૂચના કરી હતી.

આ ઉપરાંત પૂર હોનારત બાબતે સરકાર દ્વારા કરાયેલ કાર્યો અંગે અભિનંદન આપતો ઠરાવ પસાર કરાયો હતો.

જોકે તેની ચર્ચા દરમ્યાન તાલુકામાં અનેક ગામોમાં પુર ને લીધે મૃત પશુઓની સહાય પશુપાલકોને મળી ન હોઈ તે સહાય ન મળવા પાછળ પશુચિકિત્સા અધિકારીઓ જવાબદાર હોય તેમની સામે શાસક અને વિપક્ષ ના સભ્યોએ હોબાળો બચાવી પસ્તાળ પાડી હતી. સભ્યોએ જણાવ્યું હતું કે પશુ ચિકિત્સા અધિકારી દ્વારા પશુ ઓળખાતા ન હોવાનો રિપોર્ટ કરતાં અને પશુપાલકોને સહાય મળી નથી.

આ સભ્યોને જવાબ આપતા ડીસા તાલુકા પશુ ચિકિત્સા અધિકારી એ જણાવ્યું હતું કે, તાલુકામાં અંદાજે સાડા છસો પશુઓ મૃત્યુ પામ્યા હતા. જેમાંથી ૩૫૦ પશુઓનો પી.એમ. રિપોર્ટ અને એનું પ્રમાણપત્ર પણ આપી દેવાયું છે. જોકે અનેક કિસ્સાઓમાં માત્ર તસવીરના આધારે મૃત પશુ કયું છે તેની ઓળખ થઈ શકતી ન હોય તેનો રિપોર્ટ આપવામાં આવ્યો છે.

બેઠકમાં ઉપસ્થિત જિલ્લા પંચાયત સદસ્ય માંનસિંહ વાઘેલા એ જણાવ્યું હતું કે, સરકારનો અભિગમ સારો છે પરંતુ ક્યાક અધિકારીઓની બેદરકારી ના કારણે હજુ પણ અનેક લોકો સહાયથી વંચિત રહી ગયા છે. જેથી તેઓએ અધિકારીઓને લોકો પ્રત્યે લાગણી રાખવા અનુરોધ કર્યો હતો.જ્યારે શાશક પક્ષના નેતા ગિરીશ દેસાઈ એ આ બાબત સરકારને બદનામ કરવાનું કાવતરું હોવાનું જણાવ્યું હતું.

## પાલનપુર તાલુકા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

પાલનપુર શહેર પ્રમુખ મુન્નાલાલ ગુપ્તાએ સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યા હતા. જ્યારે તાલુકા ભાજપ પ્રમુખ લાલજીભાઈ પ્રજાપતિએ અભિનંદન ઠરાવ રજૂ કરીને રાજય અને કેન્દ્ર સરકારની કામગીરીને બિરદાવી હતી. જિલ્લા ઉપપ્રમુખ ખુશાલભાઈ અંબાણીએ રાજકીય પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જ્યારે પૂર્વ શહેર પ્રમુખ નગીનદાસ મોદીએ શોક પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને શહેર મહામંત્રી દલપત બારોટે નર્મદા યોજના વિષયક ઠરાવ રજૂ કરીને ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાની વિગતો આપી હતી.

આ પ્રસંગે પૂર્વમંત્રી કાન્તીલાલ કચોરીયા, પૂર્વ ધારાસભ્ય વસંત ભટોળ, ગોવિંદભાઈ પ્રજાપતિ, પૂર્વ ભાજપ પ્રમુખ હરેશભાઈ જાની, નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, પૂર્વ જિલ્લા પચાયત પ્રમુખ કુમુદબેન જોષી, અગ્રણી દોલતપુરી ગૌસ્વામી, મહિલા મોરચાના પ્રમુખ મીતાબેન સોની, ગીરીશભાઈ જગાણીયા, જિલ્લા કન્વીનર ગણેશભાઈ પટેલ, પૂર્વ પાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરી, પૂર્વ તાલુકા પ્રમુખ દિનેશભાઈ મણવર, મહામંત્રી ફલજીભાઈ ચૌધરી, મોતીભાઈ પાળજા, દલપત બારોટ સહિત વિવિધ મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. શહેર મહામંત્રી અતૃલ જોષીએ બેઠકનું સંચાલન કર્યુ હતું જયારે તાલુકા મહામંત્રી ફલજી ચૌધરીએ સૌનો આભાર માન્યો હતો તેવું જિલ્લા મિડીયા સંપર્ક વિભાગના કન્વીનર રૂપસિંગ ચૌહાણે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ડીસામાં આસી....

અનુસંધાન ૩ નુ ચાલુ..

જી.એસ.ટી. માં દર મહિને રજૂ કરવાના થતા માસિક પત્રકને લઈ વેપારીઓ હેરાન થાય છે. એ સિવાય ઓનલાઈન રજીસ્ટ્રેશન સહિત ઘણી બાબતો સુધારો માગે છે. ત્યારે સરકાર દ્વારા સુધારા નહીં કરાય તો વેપારીઓ આગામી ચૂંટણીમાં તેમનો રોષ મતપેટીમાં ઠાલવશે.

આસીસ્ટન્ટ કમિશ્નરે તેમની રજૂઆત સરકાર સુધી પહોંચાડી ઘણા સુધારા કરવાની ખાત્રી ઉચ્ચારી હતી.

## હાઈકોર્ટે દાંતીવાડા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તે મૃતકનું લોહી આ છરી સાથે પી.એમ.રિપોર્ટમાં મળી આવતું નથી.જેથી નામદાર હાઈકોર્ટ નોંધ્યું હતું કે, તમામ પુરાવાઓ જોતા મૃતકને લાકડી, પાઈપ વગેરેથી ઈજા થયેલ હોવાનું જણાતું નથી અને મૃતકને માર મારવામાં આવ્યો હોવાનું પણ મેડીકલ પુરાવામાં જણાતું નથી. વળી નજરે જોનાર સાક્ષીમાં માત્ર મૃતકના ભાઈ સીવાય અન્ય સાક્ષીઓએ તમામ આરોપીઓને એક સ્થળે હોવાનું દર્શાવતા નથી. આમ દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામે થયેલી હત્યા કેસમાં ડીસા એડીશનલ સેશન્સ કોર્ટ સાત આરોપીઓ નરસિંહજી તળશાજી માળી, રણછોડજી નરસિંહજી માળી, નગાજી તળશાજી માળી, મશરજી તળશાજી માળી, મીરાબેન નરસિંહજી માળી, શંકરજી નાથુજી રાજપૂત અને ગુલાબજી રવાજી કોળી ને અપાયેલી આજીવન કેદની સજાને નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અભિલાષાકુમારી અને ન્યાયમૂર્તિ એ.જે.શાસ્ત્રી સાહેબની ખંડપીઠે શંકાનો લાભ આપીને રદ કરીને તમામને નિર્દોષ જાહેર કર્યા હતા.

## ડીસાની બેઠક...

પાના નં.૮ ચાલુ

પ્રદેશ નિરિક્ષકો સમક્ષ પોતાનો બાયોડેટા રજુ કર્યા હતા. ત્યારે વધુમાં જાણવા મળ્યા મુજબ એક રજૂઆતમાં અનાયાસે જિલ્લા પંચાયતનું પ્રમુખ પદ મેળવનાર અગ્રણીએ પણ ડીસા અને પાલનપુર વિધાનસભા બેઠક ઉપર પોતાની દાવેદારી નોંધાવી તેઓ સમાજના સર્વગ્રાહી નેતા હોવાનો દાવો પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે એજ સમાજમાંથી તેમનાથી પણ સિનિયર નેતાઓએ જિલ્લાની અન્ય બેઠકો ઉપર પોતાની દાવેદારી નોંધાવી છે.

ડીસા વિધાનસભા બેઠકની વાત કરીએ તો પરંપરા મુજબ આજ સુધી આ બેઠક ઉપર વિવિધ સમાજના નેતાઓને પ્રતિનિધિત્વ મળ્યુ છે. જેમાં મોટો મતદાર વર્ગ ધરાવતા ઠાકોર સમાજને બાદ કરીએ તો ઈતર સમાજના પ્રતિનિધિઓને ડીસા વિસ્તારની જનતાએ વધારે પસંદ કર્યા છે. ભાજપ દ્વારા ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીની રણનિતી પ્રમાણે આ વખતે પણ ચૂંટણી લડી જિલ્લામાં વધુમાં વધુ બેઠકો ભાજપના ફાળે જાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેથી ડીસા વિધાનસભા બેઠક માટે આ વખતે ઈત્તર સમાજના પ્રતિનિધિની પસંદગી થાય તો નવાઈ નહી જ્યારે સામે કોંગ્રેસમાંથી રાજ્યસભાની ચૂંટણી વખતે નિભાવેલી વફાદારીના ઈનામ સ્વરૂપે વર્તમાન ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈની ટિકિટ લગભગ નિશ્ચિત ગણાય છે. ત્યારે તેઓએ પણ ઈત્તર સમાજના મતદારોને લક્ષમાં રાખીને ચૂંટણી જીતવા માટે વ્યૂહ ઘડવો પડશે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | | દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ | ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા** | **૪૦૦૦૦-૪૦૩૦૦** | દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ | મગદાળ સમરદીપ | ૭૨૦૦ | **ખોળ બજાર** | |
| રૂપુ કાચું | ૪૦૦૦૦-૪૦૩૦૦ | નર્મદા મગ પોલીસ | | મગમોગર રીયલ | ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| સોનુ તોલો | ૩૦૦૦૦-૩૦૨૦૦ | | ૫૮૦૦ | અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ | મોરબી ખોળ | ૯૫૦-૧૦૦૦ |
| **તેલ બજાર** | | મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ | મગ | ૫૭૦૦ | જીરાળુ | ૧૭૪૦ |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૬૦** | નર્મદા મગ મોગર | ૬૦૦૦ | અંગુર તુવેરદાળ | ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન | ૮૮૫-૯૭૦ | મગમોગરનર્મદાપ્રીમી | ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| સોયા રીફાઈન | ૧૨૯૦ | નર્મદા અડદદાળ | ૬૯૦૦ | ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ | દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ | કિસાન તુવેરદાળ | ૬૨૦૦ | **પરચુરણ** | |
| સીંગતેલ૧૫ કી. | ૧૪૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ | સોજી | ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૨૯૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ | પરખ સ્પેશીયલ | ૫૨૦૦ | મેંદો | ૮૬૦ |
| સીગતેલ ૫ લી. | ૪૪૦ | દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ | લાલપરી તીબાર જુના | ૪૨૦૦ | શ્રીફળ એમ. | ૮૮૦ |
| તિરૂપતી કપા. | ૧૨૧૦ | દુન કણકી જુની | ૩૦૦૦ | લાલપરી દુબાર જુના | ૩૮૦૦ | નિરમા સાબુ | ૫૨૫ |
| ૫ લીટર | ૪૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ | મેદી | ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ | લાલપરી દુબાર નવા | ૩૯૦૦ | અજમો | ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ | સાકરીયા | ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ | લાલમંદિર બાસમતી | ૩૬૦૦ | ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૪૦ | હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ | **ખાંડ બજાર** | | કોકમ ફુલ | ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | | (બોરીના ભાવ) | | એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ | | ૫૮૦૦ | **ખાંડ એસ.** | **૩૮૫૦-૪૦૨૦** | મોરૈયો | ૬૫-૯૪ |
| ૫ લી. | ૩૭૦ | તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ | **ખાંડ એમ.** | **૪૦૦૦** | તલ | ૯૦-૧૦૦ |
| ૨ લી. | ૧૫૭ | તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ | ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ | ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | | તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ | **ચા-બજાર** | | સીંગદાણા | ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | | દાવત સીલેકટનવા | ૮૮૦૦ | સુરજ છાપ ચા | ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| ગેટવે પ્રીમીયમ | ૬૫૦૦ | દાવત સુપર જુના | ૧૧૦૦૦ | હરણ છાપ ચા | ૨૨૦ | દુધી | ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ | ૫૫૦૦ | દાવત દીલખુશ નવા | ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | | સુકી ડુંગળી | ૩૦૦-૪૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૦૦૦ | દાવત દીલખુશ જુના | ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ | લસણ | ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના | ૪૫૦૦ | દાવત દુબાર જુના | ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | | ધાણા | ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ | દાવત રોઝાના જુના | ૫૫૦૦ | ગઠ્ઠા | ૧૦૦-૧૪૦ | મરચાં | ૩૦૦-૪૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ | દાવત ૭૦ જુના | ૪૩૦૦ | હળદર આખી સેલમ | ૯૦ | લીંબુ | ૫૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના | ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી | ૮૦ | અડવી પત્તા | ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ | મરચા વન્ડર હાટ | ૨૦૫૦ | આદુ | ૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ | રીંગણ | ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ | લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ | મરચા તેજા | ૧૮૦૦ | ટામેટા | ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ | લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ | ભીંડા | ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ | લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ | મરચા ટોમેટો | ૨૨૦૦ | કોબી | ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ | વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ | હેરીટેજ તીબાર | ૭૨૦૦ | કાશ્મીરી | ૯૦ | ટીંડસા | ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ | હેરીટેજ દુબાર | ૫૫૦૦ | કાશ્મીરી મમરી | ૯૦ | ગવાર | ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ | હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ | સુપર પટની | ૧૦૫ | બાદશાહ બટાકા | ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ | કાયનાત પી | ૮૫૦૦ | સુપર રજવાડી | ૧૯૦ | સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ | કાયનાત સુપર | ૮૦૦૦ | મરચા ડેડીકટ | ૧૨૫ | ચોળી | ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ | કાયનાત | ૬૮૦૦ | મરચાં | ૫૮૦૦ | તુરીયા | ૩૦૦-૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ | રાજા બાસમતી | ૪૦૦૦ | **ગોળ બજાર** | | | |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ | કુરૂક્ષેત્ર | ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ | | |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ | એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ | | |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ | ઓરેન્જ | ૬૦૦૦ | વડેચા ૫ કી. | ૪૮૦૦ | | |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ | દાવત અપ્સરા | ૫૦૦૦ | વડેચા ૧ કી. | ૫૦૦૦ | | |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ | જીરાસર ચંદન | ૩૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ | | |

# જુનાડીસા હાઈસ્કૂલમાં ગરબાની રમઝટ



જુનાડીસા

ગત તા.૨૭-૯-૨૦૧૭ ના રોજ શાળા સંકુલના પ્રાંગણમાં નવરાત્રિ ઉત્સવ-૨૦૧૭ ની ગરબા સ્પર્ધા યોજવામાં આવી. ધો-૯(એ), ૯(બી), ૯(સી), ૯(ડી), ૯(ઈ) તથા ધો-૧૦(એ), ૧૦(બી), ૧૦(સી), ૧૦(ડી) તથા ધો-૧૧, ૧૨ની વિદ્યાર્થીનીઓની ટીમ દ્વારા ગરબા યોજાયા. જેમાં શાળાની બાલિકાઓએ પ્રાચિન-અર્વાચીન ગરબાની ધૂમ મચાવી હતી. ઝિણો-ઝિણો જિવ્યો રે, પાટણ શહેરમાં, ગુંજ અંગનાએ શહેનાઈ ઉડી ઉડી જાયે, ધૂમતો ધૂમતો જાય, પંખીડા રે પંખીડા જેવા ગીતો ઉપર ગરબા રજૂ કરવામાં આવ્યા. પ્રથમ નંબરને રૂા.૫૦૦, દ્વિતીય નંબરને રૂા.૩૦૦ અને તૃતીય નંબરને રૂા.૨૦૦ નું ઈનામ શાળા તરફથી આપવામાં આવ્યા. શાળાના આચાર્ય પી.વી. મહેતા તથા સુપરવાઈઝર એસ.ડી.ચેનવાએ સૌને નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર સ્ટાફના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો.

# પાટીદારોને સહાયરૂપ થવા વિકાસ આયોગની રચનાને બહાલી

અમદાવાદ

રાજ્ય સરકારે પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે તેમજ આર્થિક રીતે સહાયરૂપ થવા બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગની રચના કરવાનો રાજય મંત્રી મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય કર્યો છે. એમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, આ આયોગ હેઠળ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય તેમજ યુવાનોને સ્વરોજગારી માટે પણ સહાય અપાશે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલ રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં સંવેદનશીલ મુખ્યમંત્રીએ પાટીદાર સમાજ માટે લીધેલા નિર્ણયને આવકારતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ગઈકાલે પાટીદાર સમાજ સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચર્ચા થયા બાદ પાટીદાર સમાજ દ્વારા જે મુખ્યત્વે માંગણીઓ રજુ થઈ હતી તેનો અમલ કરવા રાજ્ય સરકાર વતી મેં બાંહેધરી આપી હતી, જેને સમગ્ર સમાજે આવકાર્યો છે. આ માંગણીઓ આજે કેબીનેટની બેઠકમાં રજુ કરાતાં કેબીનેટ દ્વારા પણ આ નિર્ણયોને બહાલી આપવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આ આયોગ દ્વારા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ અને યુવાનોને સહાયરૂપ થવા શૈક્ષણિક રીતે સહાય, વિદેશમાં અભ્યાસ લોન માટે સહાય તેમજ ખેતી માટે વિવિધ સહાય તથા ઓછા વ્યાજની લોન પણ આપવામાં આવશે. એટલું જ નહીં, વ્યવસાય, ખેતી, રોજગારી, વાહન ખરીદી જેવા કિસ્સાઓમાં પણ ઓછા વ્યાજની લોન જેવી સવલતો આયોગ દ્વારા અપાશે. તેમજ રાજ્ય સરકારની સબસીડી મળવાપાત્ર યોજનાઓના લાભ પણ બિન અનામત જ્ઞાતિને અપાશે. ઉપરાંત રાજ્યમાં એક રૂપતા જળવાઈ રહે તે માટે પાટીદાર સમાજની સાથે અન્ય સમાજ પણ સમૃદ્ધ થાય તે માટે જો સરકાર સમક્ષ દરખાસ્ત કરવાની થતી હોય તો તેના માટે કાયદાકીય જોગવાઈ મુજબ નવું નિગમ બનાવવા માટે પણ સરકાર વિચારશે અને આ બન્ને બોડી સ્વતંત્ર રીતે કામ કરશે તેને પણ કેબીનેટે મંજુરી આપી છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો તમામ પરિવારો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર અને આયોગ ચોક્કસ મદદરૂપ બનશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# મ્યાનમાર ભારતના વ્યૂહાત્મક ભાગીદાર તરીકે હોવાનો અહેવાલ

નવી દિલ્હી

મ્યાનમાર ભારતના વ્યૂહાત્મક પડોશી દેશો પૈકી એક છે. ઉત્તર પૂર્વીય રાજ્યો સાથે ૧૬૪૦ કિલોમીટરની સરહદ મ્યાનમાર ધરાવે છે જેમાં અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને મણિપુરનો સમાવેશ થાય છે. આ સરહદ ઉપર મોટી સંખ્યામાં બળવાખોરો સક્રિય થયેલા છે જેમાં નાગા બળવાખોરોનો સમાવેશ થાય છે. આ બળવાખોરો સમય સમયે લાભ ઉઠાવીને ભારતમાં હુમલા કરતા રહે છે. આ અગાઉ જૂન ૨૦૧૫માં ભારતીય સેનાએ ક્રોસ બોર્ડર ઓપરેશનમાં મ્યાનમારમાં ઘુસીને મોટી સંખ્યામાં બળવાખોરોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ભારતીય સેનાએ મણિપુરમાં ચંડેલમાં થયેલા હુમલામાં ૧૮ સૈનિકોના મોત બાદ આ કાર્યવાહી કરી હતી જેમાં એનએસસીએન અને કેવાયકેએલના બળવાખોરોને ભારે નુકસાન થયું હતું. ભારતીય સેનાએ ફરી એકવાર દિલધડક ઓપરેશન સફળરીતે પાર પાડીને ભારતીયોને ગર્વમાં મુકી દીધા છે.

# ઢીમાની પી.ટી.શાસ્ત્રી વિદ્યાસંકુલમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી




તા.પ્રતિ. વાવ

તાજેતરમાં ઢીમા ખાતે કાર્યરત થયેલી નવીન પી.ટી.શાસ્ત્રી વિદ્યાલય ખાતે શાળાના ભુલકાઓએ નવરાત્રી મહોત્સવની શાનદાર ઉજવણી કરી હતી જેમાં નાના-નાના ભૂલકાઓ વિવિધ વેશભુષાઓ સાથે ગરબા રમી વિવિધ પ્રદર્શનો કર્યા હતા. નાની વયના ભૂલકાઓના વિવિધ પ્રદર્શનો અને વેશભુષા જોઈ સૌ કોઈ મંત્રમુગ્ધ બની ગયા અને શાળાના સ્ટાફગણ તરફથી ભૂલકાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં દવે જીયા, કૈલાશભાઈ સાધુ, અશ્વિન દિનેશભાઈ સાધુએ સારું પ્રદર્શન કર્યું હતું. જેમને વાસુભાઈ કેશવદાસ સાધુ તરફથી વિશેષ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ડીસા તાલુકાની કુંપટ પ્રાથમિક શાળામાં તિથિભોજન અપાયુ




પ્રતિનિધી વડાવળ

ડીસા તાલુકાના કુંપટ ગામની પ્રાથમિક શાળામાં ગત તારીખ ૨૩/૯/૨૦૧૭ ને આસોસુદ ત્રીજના પાવન દિવસે ગામના સ્વ.ગુલાબસિંહ તારસિંહ ભટેસરીયાના પરિવાર દ્વારા શાળાના બાળકોને તિથિભોજન આપવામાં આવ્યું હતું.

દર વર્ષે સ્વ.ગુલાબસિંહ તારસિંહ ભટેસરીયાની પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા શાળાના બાળકોને તિથિભોજન આપવામાં આવે છે. ત્યારે ગતરોજ તેમની પુણ્યતિથિ નિમિત્તે કુંપટ પ્રાથમિક શાળા સહિત પેટા શાળાઓના બાળકોને મોહનથાળ, પુરી, શાક અને દાળભાતનું ભાવતુ ભોજન આપવામાં આવ્યું હતું.

કુંપટ પ્રાથમિક શાળામાં તિથિભોજન પ્રસંગે દિનેશભાઈ દવે, રેવાભાઈ સાવિયાણા, મિતેષભાઈ ઠક્કર(પાલનપુર), મોહનભાઈ દેસાઈ વડાવળ, નારણભાઈ મેવાડા, નરસિંહભાઈ ઠાકોર(દામા) સહિત કુંપટ ગ્રામ પંચાયતના સરપંચ સભ્યો અને ગામના આગેવાનો વડીલો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તિથિભોજન કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વ.ગુલાબસિંહ તારસિંહ ભટેસરીયાના પરિવારના ભરતસિંહ ભટેસરીયા, શિવસિંહ ભટેસરીયા (ભારત બીજ નિગમ ડીસા) તથા નવલસિંહ કાળુભા સહિતે ભારે જહેમત ઉઠાવી હતી. ત્યારે શાળાના આચાર્ય શર્મા સ્વીટીબેન તથા શાળાના શિક્ષકો સંજયભાઈ બારોટ વગેરે ખુબ સારો એવો સહકાર આપ્યો હતો.

## વડગામ ભાજપ યુવા મોરચા દ્વારા સન્માન...




વડગામ વિધાનસભા વિસ્તારના યુવા મોરચાના સંમેલનમાં તા.યુવા મોરચાની ટીમ દ્વારા જિ.પં.પૂર્વ પ્રમુખ વિજય ચક્રવર્તી અને તા.ભાજપ ઉપપ્રમુખ અશ્વિનભાઈ સકસેનાને ફુલહાર, સાલ, માતાજીની ચુંદડી ઓઢાડી વિશિષ્ઠ સન્માન કર્યું હતું.

## અમરપુરા (સમ) પ્રા.શાળામાં તિથિભોજન...



ડીસા તાલુકાની અમરપુરા (સમ) પ્રા.શાળામાં શિક્ષિકા ભાવનાબેન વી. પટેલ તરફથી બાળકોને દુધ- પાક તથા પુરીનું તિથિભોજન આપવામાં આવ્યું હતું. જે પ્રસંગે શાળાનો સ્ટાફ તથા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભીલડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલનું દુઃખદ અવસાન

ભીલડી

બનાસકાંઠા જિલ્લાના ભીલડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલનું કેન્સરનીથી બીમારીથી દુઃખદ અવસાન થતાં સમગ્ર પંથકમાં આઘાત લાગણી ફેલાઇ હતી



સદુભા પાર્ટી પરિવારના દિગ્વિજયસિંહ માધુભા વાઘેલા ઉંમર આશરે ૨૮ ભીલડી પોલીસ સ્ટેશનમાં ફરજમાં હાજર થઈ તેમની બીમારી ના કારણે રજા લઈ જેઓ છેલ્લા ઘણા સમયથી કેન્સરની બીમારી ની સારવાર લઈ રહ્યા હતા જ્યારે ગત રોજ વહેલી સવારે દુઃખદ અવસાન થતાં સમગ્ર પોલીસ પરિવારમાં તેમજ સમગ્ર પંથકમાં આઘાતની લાગણી ફેલાઇ હતી.

# પાલડી પરૂં પ્રા.શાળામાં નવરાત્રિ પર્વની ઉજવણી




પ્રતિ. મીઠીપાલડી

તા.૨૫-૯-૨૦૧૭ ના રોજ દિયોદરની પાલડી પરૂં પ્રા.શાળામાં આદ્યશક્તિ મા અંબાની ભક્તિ અને શક્તિના ઉપાસનાના પર્વ એવી નવલી નવરાત્રિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના બાળકો ચણિયા ચોળી અને રંગીન વેશભુષા ધારણ કરી હોંશે હોંશે રાસ-ગરબા રમવા ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે શાળાના ઉશિ કેતનભાઈ વી.શર્મા તરફથી શાળાના બાળકોને નાસ્તાના પેકેટનું વિતરણ કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા પરિવાર દ્વારા બહુજ સુંદર રીતે કરવામાં આવેલ.

## રાધનપુરમાં સ્વ.હિંમતલાલ મુલાણીની પુણ્યતિથિએ સાયન્સ કોલેજ બિલ્ડિંગનું લોકાર્પણ



રાધનપુર

રાધનપુરમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.હિંમતલાલ મુલાણીની ૧૨ મી પુણ્યતિથિ પ્રસંગે તા.૧ અને ૨ ઓક્ટોબરના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરના જણાવ્યા મુજબ પરમપૂજ્ય રમાબેન હરિયાણીના સાનિધ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાશે,જેમાં મુંબઈના પ્રસિદ્ધ સોલિસિટર મહેન્દ્રભાઈ ઘેલાણીની ઉપસ્થિતિમાં લીલાવતીબેન મણિલાલ શાહ સાયન્સ કોલેજના બિલ્ડિંગના લોકાર્પણનો કાર્યક્રમ દાતા મહેન્દ્રભાઈ મણિલાલ શાહ પરિવારની ઉપસ્થિતિમાં યોજાશે,દાતા તરફથી આ કોલેજ માટે ૮૧ લાખ રૂપિયાનું દાન મળેલ છે,આ ઉપરાંત કાયમી શિલ્ડ દાતા સુરેશભાઈ બાલચંદભાઈ વોરા તથા તેમના ધર્મપત્ની અરુણાબેન સુરેશભાઈ વોરાની ઉપસ્થિતિમાં શિલ્ડ વિતરણ કાર્યક્રમ યોજાશે.કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ કેમ્પસમાં સંસ્થાના પ્રમુખ મહેશભાઈ મુલાણીના માર્ગદર્શન હેઠળ ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવનાર છે. આ માટે ટ્રસ્ટના કોષાધ્યક્ષ ધીરુભાઈ ઠક્કર (પંપવાળા), ઓનરરી સેક્રેટરી ડો.નવીનભાઈ ઠક્કર સહીત સમગ્ર સ્ટાફ તડામાર તૈયારીઓમાં લાગેલા છે.

## લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ખાતે યોજાયેલ સ્વયં શિક્ષક દિવસ



પાટણ

લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ખાતે સ્વયં શિક્ષક દિન ઉજવવામાં આવેલ. ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ આજના દિવસે શિક્ષક - શિક્ષિકાના પરિવેશમાં સજ્જ બની ખૂબ આયોજન પૂર્વક આજનું શિક્ષણ કાર્ય તથા શાળાની તમામ વ્યવસ્થાઓની જવાબદારી સંભાળી હતી.

આજના દિવસે માધ્યમિક વિભાગમાં આચાર્ય અને સહઆચાર્યની ભૂમિકા વિધાન એ.પટેલ તથા સોલંકી ધારા એસ. એ સંભાળી હતી. પ્રથમિક વિભાગમાં ઠક્કર કાંચી એસ. તથા પટેલ માહિર એ. તેમજ પૂર્વ પ્રાથમિક વિભાગમાં તથ્ય એ. પટેલ તથા પંડ્યા ધ્રુવ કે.એ આચાર્ય અને સહ આચાર્યની જવાબદારી સંભાળી હતી. દિવસના અંતે બાળકોએ પોતાના વાસ્તવિક શિક્ષકોની પાસે વિવિધ સહભાગ્યસી પ્રવૃતિ કરાવી, સુંદર શાળા જીવનનો અનુભવ કરાવેલ. શાળાના આચાર્યઓ તથા ટ્રસ્ટીઓ દ્વારા પણ આજના મનોરંજક કાર્યક્રમમાં સહભાગી બની. કાર્યક્રમને ઉત્સાહપૂર્ણ બનાવેલ. શિક્ષકદિનનું દાયિત્વ મા. વિભાગમાં આશિષભાઈ જોષી તથા પ્રા. વિભાગમાં કૌશિકભાઈ પટેલ અને પૂર્વ પ્રાથમિક વિભાગમાં સુરજભાઈ પટેલએ સંભાળ્યું હતું.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | ચોળા | ૬૪૨-૭૧૧ |
| એરંડા | ૮૯૦-૮૯૮ | ગવાર | ૭૦૧-૭૧૪ |
| રાયડો | ૬૩૫-૬૪૩ | રાયડો | ૬૨૩-૬૫૬ |
| ઘઉં | ૩૧૩-૩૧૪ | એરંડા | ૮૮૫-૮૯૫ |
| બાજરી | ૨૨૫-૨૫૨ | ઈસ. | ૧૯૧૧ |
| રાજગરો | ૭૨૧-૮૦૦ | મેથી | ૫૦૧-૫૩૦ |
| ચોળા | ૬૮૦-૭૦૦ | સુવા | ૭૩૦-૯૦૦ |
| સરસવ | ૬૭૦ | રાજગરો | ૭૧૫-૭૬૮ |
| મગ | ૭૬૩-૮૩૫ | રજકો | ૧૮૦૦-૨૫૦૧ |
| | **પાલનપુર** | અન્ય | ૬૩૧-૯૮૨ |
| એરંડા | ૮૮૫-૯૦૭ | | **થરા** |
| ઘઉં | ૩૦૦-૩૨૫ | જીરૂ | ૩૧૦૦-૩૪૬૭ |
| બાજરી | ૧૫૦-૨૪૨ | એરંડા | ૮૯૩-૯૦૪ |
| રાયડો | ૬૪૭-૬૫૨ | રાયડો | ૬૩૦-૬૪૫ |
| મગફળી | ૪૨૧-૫૯૮ | વરી. | ૮૦૦-૮૧૬ |
| રાજગરો | ૭૯૦-૮૨૨ | ગવાર | ૬૮૦-૭૦૦ |
| | **લાખણી** | ઘઉં | ૨૯૫-૩૧૮ |
| એરંડા | ૮૭૬-૮૯૦ | બાજરી | ૨૨૦-૨૩૬ |
| રાયડો | ૬૧૧-૬૪૨ | ચીકુડી | ૬૯૦-૮૭૦ |
| રાજગરો | ૭૮૬ | સુવા | ૮૦૦-૯૨૨ |
| વરી. | ૮૫૧ | રજકો | ૨૦૦૦-૨૬૩૦ |
| સુવા | ૭૭૦ | | **પાટણ** |
| બાજરી | ૨૪૧-૨૪૦ | જીરૂ | ૩૨૫૦-૩૩૯૨ |
| ર.બાજરી | ૨૪૧-૨૮૨ | એરંડા | ૮૭૫-૯૦૨ |
| ચીકુડી | ૬૯૯-૮૭૪ | વરી. | ૭૩૦-૧૦૪૭ |
| ગવાર | ૬૪૦-૬૮૦ | સુવા | ૬૫૦-૯૧૬ |
| | **થરાદ** | અજમો | ૬૬૬-૭૯૮ |
| એરંડા | ૮૭૫-૮૯૦ | મેથી | ૩૬૦-૫૧૮ |
| રાયડો | ૬૪૫-૬૬૫ | રાયડો | ૬૦૦-૬૩૮ |
| મેથી | ૫૦૧-૫૨૯ | અજમો | ૪૦૦-૯૦૧ |
| મગ | ૬૯૦-૯૫૧ | ગવાર | ૬૫૦-૭૧૨ |
| ગવાર | ૬૭૦-૬૯૧ | ઘઉં | ૩૦૦-૩૪૫ |
| અજમો | ૮૩૦-૧૨૨૧ | જુવાર | ૫૨૬ |
| જીરૂ | ૩૦૦૦-૩૫૦૦ | જવ | ૨૩૦-૨૮૦ |
| ઈસ. | ૧૭૦૦-૧૯૫૦ | અડદ | ૪૦૦-૪૪૧ |
| રજકો | ૨૪૦૦-૨૭૫૦ | બાજરી | ૨૧૦-૨૪૧ |
| | **રાહ** | બંટી | ૨૭૧-૩૩૮ |
| બાજરી | ૨૩૦-૨૫૦ | મગ | ૫૩૬-૯૨૪ |
| રાયડો | ૬૪૦-૬૫૫ | બંટી | ૩૦૧-૩૩૩ |
| ચીકુડી | ૮૨૫-૮૮૦ | | **સિદ્ધપુર** |
| એરંડા | ૮૭૦-૮૮૦ | રાયડો | ૬૨૭-૬૫૫ |
| | **વડગામ** | એરંડા | ૮૪૦-૯૦૭ |
| ઘઉં | ૩૩૫ | મગ | ૬૮૭-૯૯૬ |
| બાજરી | ૨૦૦-૨૨૫ | અડદ | ૮૬૦ |
| એરંડા | ૯૦૦-૯૦૩ | ગવાર | ૬૫૦-૭૦૫ |
| | **ધાનેરા** | ચોળા | ૩૩૫-૬૮૫ |
| ઘઉં | ૨૮૫-૨૯૫ | ઘઉં | ૩૦૦-૩૪૬ |
| બાજરી | ૨૦૦-૨૬૩ | બાજરી | ૧૬૦-૨૫૫ |
| મગ | ૮૭૧-૯૮૬ | | |

# રાધનપુર એસ.ટી.ડેપોની છેલ્લા એક વર્ષમાં બે કરોડ રૂપિયાની આવક ઘટી

### ડેપો મેનેજર વિરુદ્ધ પગલાં ભરવા માંગ

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેર બનાસકાંઠા, પાટણ,કચ્છ અને મેહસાણા એમ ચાર જિલ્લાઓને સાંકળતું શહેર છે,એસ.ટી.તંત્રની સમગ્ર વિભાગીયકચેરીમાં સૌથી વધુ આવક ધરાવતા એસ.ટી.ડેપોની આવકમાં છેલ્લા એક વર્ષમાં બે કરોડથી વધુનો ઘટાડો થવા પામ્યો છે, જેથીનિવૃત્ત ટ્રાફિક કંટ્રોલર નાથુસિંહ પરમારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડિયા અને એસ. ટી. તંત્રના ઉચ્ચ અધિકારીઓને લેખિતમાં રજુઆત કરીને આવકનો ઘટાડો શા માટે થયો તેની ટેકનિકલ વિગતો રજુ કરીને ડેપોમેનેજેર વિરુદ્ધ પગલાં ભરવા જણાવ્યું છે, જેમાં રાધનપુર-મુજપુર- બેચરાજી-મહેસાણા બસ ૧૩૮ કિલોમીટરનું ચક્કર મારવા છતાંયમાત્ર ત્રણસો રૂપિયાની જ આવક થતી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે,આવા રૂટો ચાલુ રાખવા માટે દલાલો દ્વારા હપ્તાલેવાતા હોવાનો ગંભીર મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.નિવૃત્ત ટ્રાફિક કંટ્રોલરે કરેલી લેખિત રજુઆતમાં ઘણા ગંભીર મુદ્દાઓ રજુ કરીને તપાસ કરવાની માંગણી કરવામાં આવી છે ,પાલનપુરડિવિઝનમાં રાધનપુર ડેપોના મેનેજર ભ્રષ્ટ્રાચારમાં ડૂબેલા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે,આ ભ્રષ્ટ્રાચારની તપાસ માટે એક વર્ષથીરજુઆત કરવા છતાંય કોઈ પગલાં ભરાયા નથી,મામલતદાર દ્વારા પણ વિભાગીય નિયામકને લેખિતમાં જાણ કરવા છતાંય પગલાંભરાયા નથી, ડેપો મેનેજર હેડક્વાર્ટરમાં રહેતા નથી, તાજેતરમાં ભારે વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિમાં પણ ડેપો મેનેજર રજાઓ ઉપર જતા રહ્યા હતા.આ ઉપરાંત ડેપોમાં પરવાનેદારો ફી એડવાન્સમાં ભરતા હતા તેમ છતાંય તેમના પરવાના રદ કરવામાંઆવ્યા છે, અને ફેરિયાઓ પાસેથી હપ્તા ઉઘરાવવામાં આવે છે.તેવી ચોટદાર રજુઆત કરવામાં આવી છે.ડેપોમાં મિજબાનીઓ ઉડે છે

આ રજુઆતમાં જણાવ્યા મુજબ ડેપો મેનેજરના અંડરમાં ત્રણ એ.ટી.આઈ. હોવા છતાંય કન્ડક્ટરોની બોલબાલા છે, તેમનાસહયોગથી ડેપોમાં કેફી પીણાં અને માસ-મટનની મિજબાનીઓ ઉડે છે, કોઈ સ્ટાફ અવાજ ઉઠાવે તો તેમની બદલી કરી નાખવામાંઆવે છે, જેના કારણે કોઈ કર્મચારી અવાજ ઉઠાવી શકતા નથી.આવક વગરની ટ્રીપો બને છેરાધનપુર ડેપો દ્વારા આવક વગરની ટ્રીપો બને છે, વિદ્યાર્થીઓના નામે ટ્રીપો ગણાવીને ગેરરીતિ ચાલે છે,

જો સ્કૂલનો ટાઈમ ચેકકરવામાં આવે તો ગેરરીતી બહાર આવે તેમ છે,જો કે સાચા અર્થમાં વિદ્યાર્થીઓને જરૂરિયાત હોય તે સમયે ટ્રીપો દોડાવવામાં આવતીનથી, કોલીવાડાના ૫૦ વિદ્યાર્થીઓને ૧૨ વાગે શટલ આપવું જરૂરી હોવા છતાંય અપાતું નથી પરંતુ એ જ સમયે આવક વગરની ૧૦ ટ્રીપો ધમધમાટ દોડે છે.

## વડાલીના હાથરવા ગામની છત્તીસગઢની સાક્ષરતા ટીમે લીધી મુલાકાત

(પ્રતિ) વડાલી

વડાલી તાલુકાના હાથરવા ગામના નિરીક્ષકો એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના નિરંતર અને સાક્ષરતા અભિયાન અંતર્ગત નવસાર બનતાં તેમની મુલાકાતે છત્તીસગઢની ૬ સભ્યોની સાક્ષરતા ટીમ આવી હતી.

અને સાક્ષરતા જોઈ નિરીક્ષકો આવાક્ બની જણાવ્યું હતું કે હવે સરકારના મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ સાકાર થવાના દિવસો દૂર નથી.

સાબરકાંઠા જિલ્લા નિરંતર અધિકારી તરૂણાબેન દેસાઈ, વડાલી તાલુકા પ્રેરક ઉર્મિલાબેન જાદવ, ગામ પ્રેરક ભાવનાબેન પરમાર દ્વારા ગામના નિરીક્ષકોને સાક્ષર બનાવવાનું અભિયાન ગામની પ્રાથમિક શાળામાં હાથ ધરાયું હતું.

ગામના સરપંચ વસંતભાઈ પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય બિપીનભાઈ પંડ્યાનો સહયોગ લઈ ગામના નિરીક્ષકોને અથાગ પ્રયત્નોથી સાક્ષર બનાવવામાં આવ્યા હતા. છત્તીસગઢ સાક્ષરતા અભિયાન સ્ટેટ રિસોર્ચ સેન્ટરના વિનોદસિંહના અધ્યક્ષ સ્થાને છ સભ્યોની ટીમ સાથે ગુજરાત વિદ્યાપીઠના પ્રૌઢ શિક્ષણ નિયામક લક્ષ્મણભાઈ અવૈયા, મદદનીશ નિયામક શિલીપાબેન પટેલ વગેરે હાથરવા ગામની મુલાકાતે આવ્યા હતા. વડાલી તાલુકા પ્રેરક જાદવ ઉર્મિલાબેન દ્વારા હાથરવા શાળામાં રાસ ગરબા યોજાયા હતા.

## ઓ.બી.રાયકા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ટેટની પરીક્ષામાં ટેટના વર્ગનું ઝળખતુ પરીણામ

પાટણ

પાટણ શહેરમાં ત્રણ વર્ષથી કાર્યરત અને સેવાના હેતુથી બનાવેલ ઓ.બી.રાયકા એજ્યુકેશન ગ્રુપના સભ્યોના સહકારથી આ ગ્રુપ શિક્ષણ સેવા તેમજ કુદરતી આફતોમાં સેવા તેમજ લાયબ્રેરીમાં વાંચનની વ્યવસ્થાની સેવા કરવાના હેત-ુથી આ ગ્રુપ સર્વ સમાજો અને ધર્મના લોકો માટે કાર્ય કરે છે. ત્યારે ચાલુ સાલે ટેટના વર્ગ ચલાવવામાં આવ્યા અને તેમાં આર્થિક રીતે પહોંચી ન વળે તેવા તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તેવા તાલીમાર્થીઓ માટે ટેટની પરીક્ષાના વર્ગ ચલાવવામાં આવ્યા. આ વર્ગના પ્રસારમાં સહભાગી પાટણ શહેર મીડિયાના સહયોગ તેમજ ગ્રુપના સભ્યો અને દાતાઓ દ્વારા ચાર માસ સુધી ટેટની પરીક્ષાની ઉચી ગુણવત્તાની ફેકલ્ટી દ્વારા તિરૂપતિ પ્લાઝા વેરાઈ ચકલા વર્ગ ચલાવવામાં આવ્યો તેમા રોજ પાંચ કલાક શિક્ષણ કાર્ય તેમજ ટેસ્ટનું આયોજન કરી સરસ રીતે વર્ગ પૂર્ણ કરવામાં આવેલ અને ઓગસ્ટ માસમાં તેની પરીક્ષા લેવામાં આવી ત્યારે તેનું પરીણામ ગત રોજ જાહેર કરવામાં આવેલ તેમાં ૬૬ તાલીમાર્થીઓએ લાભ લીધો. ૯૭ ટકા પરીણામ આવ્યુ તેના મોટા ભાગના તાલીમાર્થીઓ ૧૦૦ થી ઉપર આવ્યા તેમજ પટેલ દર્શના ૧૨૦, ચમાર જયેશ ૧૧૮, રબારી વિષ્ણુ ૧૧૪, ચૌધરી અલ્કા ૧૧૦, સોલંકી દિલીપ ૧૦૯ જેવા ગુણ મેળવ્યા ત્યારે આ તકે આ ગ્રુપના સભ્યો દ્વારા તાલીમાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા.

## ચાણસ્મા કોલેજમાં યોજાયેલ નવરાત્રી ગરબા મહોત્સવ

ચાણસ્મા

''નિમા મેમોરિયલ'' ગ્રામ વિકાસ ટ્રસ્ટ- રૂપપુર- ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં આસો માસની શારદીય નવરાત્રી નિમિત્તે આચાર્ય ડૉ.રોહિત ભાઈ દેસાઈના પ્રોત્સાહન અને માર્ગદર્શનથી સાંસ્કૃતિક સમિતિ અને 'સપ્તધારા'- સામુદાયિક સેવા ધારાના ઉપક્રમે કન્વીનર પ્રા.ડૉ.શૈલેષભાઈ એ.પટેલ અને પ્રા.દક્ષાબેન એલ. ભાવસાર દ્વારા રાસ ગરબાનું આયોજન તા. ૨૩/૯/૨૦૧૭ ને આસો સુદ ત્રીજે કરવામાં આવ્યું. પરંપરાગત વસ્ત્ર પરિધાન સાથે વિદ્યાર્થી ભાઈઓ- બહેનોએ ઉત્સાહ પૂર્વક મોટી સંખ્યામાં રાસ ગરબાની રમઝટ માણી. શ્રેષ્ઠ નર્તન અને પરિધાન માટે વિદ્યાર્થી ભાઈઓમાં રજનીકાન્ત એસ.પટેલ, સાવન ડી. રાવળ, દિપ એસ. રાવળ અને વિદ્યાર્થીની બહેનોમાં કાજલ એ. પટેલ, રીતુ ડી. પટેલ, ગાયત્રી એસ. પ્રજાપતિને ગરબા રમઝટના નિર્ણાયકો સર્વ પ્રા.જે. વી.પટેલ, પ્રા.એચ. એસ. મુળાણી, પ્રા.આર. એમ.વર્મા અને એ.એલ. ગજેરાએ વિજેતા જાહેર કર્યા. સમગ્ર કોલેજના પરિવારના સંનિષ્ઠ સહયોગ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો.

## અમરાપુરમાં માં અંબા ભવાનીનો પાટોત્સવ ઉજવાયો

રાધનપુર

સાંતલપુર તાલુકાના છેવાડાના અમરાપુર ગામે નવરાત્રીના પાવન પ્રસંગે નંદાણી પરિવાર દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ માં અંબા ભવાનીના પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાધનપુરના ઉદ્યોગપતિ કલ્પેશભાઈ ઠક્કર અને તેમના ધર્મપત્ની ભારતીબેને હવનમાં આહુતિ આપી હતી. આ પ્રસંગે અમદાવાદ, પાટણ,બનાસકાંઠા અને કચ્છ સહિતના જિલ્લાઓમાંથી નંદાણી પરિવારના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં સતિષભાઈ ઠક્કર, જશુભાઈ ધાર્મિક, સુરેશભાઈ ઠક્કર,રાજેશભાઈ ઠક્કર સહીત ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર અને મહેસાણામાં નવરાત્રીનો રંગ જામ્યો


કમલ ચક્રવર્તી

રાધનપુર શહેરમાં પાંચમા નોરતાથી નવરાત્રીનો રંગ જામ્યો હોય તેવું લાગી રહ્યું છે, ખેલૈયા હવે અવનવા ડ્રેસિસમાં સજ્જ થઈનેગરબાની રમઝટ જમાવવા અધીરા બન્યા હોય તેવું લાગી રહ્યું છે, શહેરના અનેક વિસ્તારોમાં નવરાત્રીની રમઝટ જામી રહી છે, જેમાંલાલબાગ,રામદેવ ટાઉનશીપ, ક્રિષ્ના બંગ્લોઝ હેરિટેજ, પરા વિસ્તાર, પોલીસલાઈન, ગ્રીનપાર્ક, અંબિકાનગર વિનાયકનગર, ચામુંડા,મસાલી રોડની સોસાયટીઓ, શીતલ બંગ્લોઝ સહીત મોટાભાગના વિસ્તારોમાં નવરાત્રીની રમઝટ હવે જામી રહી છે.જેમાં યુવતીઓ અને મહિલાઓ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબાની રમઝટ સાથે સેલ્ફીનીની પણ મઝા માણે છે. જ્યારે મહેસાણામાં સોમનાથ મંદિરની સામે આવેલ સુવર્ણવિલા બંગ્લોઝમાં નવરાત્રીની રોજેરોજ રમઝટ જામે છે, ડી.જે.ના તાલે ખેલૈયા મન મૂકીને ઝૂમે છે, મંગળવારની રાત્રે વેષભૂષાનો ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો,જેમાં ભૂલકાઓ અને ખેલૈયાઓએ અવનવા વેશ ધારણ કરીને ગરબાની રમઝટ બોલાવી હતી, જેમાં ભગવાન શંકર, બાદશાહ, ડોક્ટર, પરી સહીત અનેક વેશ ધારણ કર્યા હતા. આ પ્રસંગે મણીભાઈ રાઠોડ,મહેશભાઈ ઝવેરી,વસંતભાઈ રાઠોડ તેમજ બાળકોએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

## ઈડર અને હિંમતનગરમાં રૂ. ૩૪.૧૯ લાખના ખર્ચે નવિન પાણીના નવા સ્ત્રોત ઉભા કરાશે

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના ઈડર અને હિંમતનગર તાલુકાના ગામડાઓમાં પીવાના પાણી મળી રહે તે માટેના આયોજન અંગેની એક બેઠક જિલ?લા કલેક્ટર શ્રી પી.સ?વરૂપના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી

સાબરકાંઠા નર્મદાના નીર થકી પીવાના તેમજ સિંચાઈના પાણી ખેડૂતો તથા લોકોને મળી રહ્યા છે. ત્યારે હિંમતનગર અને ઈડર તાલુકાના ગામોમાં પીવાના પાણીની અછત ન વર્તાય તે હેતુથી જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ ધ્વારા લોકોને પાણી મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ બેઠકમાં રૂ. ઈડરના હિંમતપુરમાં ૯.૬૬ લાખ તથા હિંમતનગરના હુંજમાં ૨૪.૫૨ લાખ મળી કુલ ૩૪.૧૯ લાખના ખર્ચે તૈયાર થનાર યોજનાનો લાભ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત કુલ ૭૪૯ યોજનાઓ માટે રૂ. ૮૦૭૭.૯૬ લાખની મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી રૂ. ૬૭૮૨.૧૦ લાખના ખર્ચે ૬૨૫ યોજનાઓ પૂર્ણ કરવમાં આવી છે. જયારે ૪૯ યોજનાઓનું અમલીકરણ પાણી સમિતિ ધ્વારા સુચારૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગરના પોલીસ વિભાગના દ્વારા " સુરક્ષા સેતુ રંગતાળી નવરાત્રી મહોત્સવ "


સતીશ ભટ્ટ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાનાં વડા મથક હિંમતનગર ના સાબરકાંઠા જિલ્લાનાં પોલીસ વિભાગના દ્વારા " સુરક્ષા સેતુ રંગતાળી નવરાત્રી મહોત્સવ "સુરક્ષા સેતુ સોસાયટી અને સાબરકાંઠા જિલ્લાનાં પોલીસ વિભાગના દ્વારા આધ શકિત માં અંબાના પર્વ નિમિત્તે નવલી નવરાત્રીની ધામધૂમથી ભકિતભાવ પુર્વક દબદબાભેર ઉજવણી કરવામાં આવી રહી છે તેમજ સોનલ ગરબો શિરે અંબા મા ચાલો ધીરે ધીરે ... કેસરિયો રંગ તને લાગ્યો હો ગરબા ... તારા વિના શ્યામ મને એકલડુ લાગે... સોનું તને મારા પર ભરોસો નઈ કે .. જેવા અવનવા નવાં જુના ગરબા ડી.જે.ના તાલે ખલૈયાઓ, માઈ ભકતો, અબાલ વૃધ્ધ, નાનાં મોટાં સૌ કોઈ ગરબાના તાલે હિલોળે ચઢ્યા હતા તેમજ ખેલૈયાઓમા અનેરો ઉમંગ, ઉત્સાહ, અને આસ્થાના સમન્વયથી માહોલ શકિતમય બન્યો હતો. તેમજ આ "સુરક્ષા સેતુ રંગતાળી નવરાત્રી મહોત્સવ " દરમ્યાન જિલ્લાનાં પોલીસ વડા પ્રવિણસિંહ માલના ચિરંજીવી સિદ્ધરાજ સિંહના જન્મ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી અને નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત સૌ કોઈ એ શાબદીક અને તાળીઓના ગળગળાટ સાથે વધાવી લીધા. હતા

## પાટણમાં મૂક બધિર - દિવ્યાંગ બાળકોનો- રમત - ગમત મહોત્સવ યોજાયો



પાટણ

પાટણ બહેરામૂંગાશાળા આયોજીત પાટણ જિલ્લાના મૂક - બધિર - દિવ્યાંગ બાળકોનો રમત - ગમત મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ રમત - ગમત મહોત્સવમાં પાટણ જિલ્લાના તમામ દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો હતો આ રમત - ગમત મહોત્સવનું પાટણ જિલ્લા કલેક્ટર આનંદભાઈ પટેલ દ્વારા દિપપ્રાગ્ટય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ પ્રસંગે સમાજ સુરક્ષા અધિકારી એ.વાય.મંડોરી તથા સિનિયર કોચ - પાટણ - આર.બી.બુંદેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ખાસ શાળાના બોર્ડીંગના દાતા ભરતભાઈ શાહ તથા તેમના ધર્મપત્નિ હંસાબેનનું કલેક્ટર દ્વારા સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કલેક્ટર આનંદ પટેલે તમામ બાળકોને રમત - ગમતમાં ભાગ લેવા બદલ શુભેચ્છા પાઠવી હતી. તથા સાંજે સમાપન પ્રસંગે એકથી ત્રણ નંબર મેળવનાર બાળકોને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ રમત ગમત મહોત્સવમાં પાટણ જિલ્લાના ૧૬૦ બાળકોએ ભાગ લીધો હતો તથા તમામ બાળકોને પણ પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે બાળકોના વાલીઓ તથા શાળાના શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના શિક્ષક રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ઘેમરભાઈ દેસાઈનું પણ શાળા પરિવાર વતી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાટણ સિનિયર સીટીઝન કલબના પ્રમુખ શંકરભાઈ, રમણભાઈ પટેલ, મફતભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વહીવટદાર નટુભાઈ મહેતા દ્વારા આવેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

